૪

# વસ્તુપાલના ઘડવૈયા ગુરુભગવંતો

મુનિ શ્રીત્રૈલોક્યમંડનવિજયજી



શાસનસમ્રાટ ભવન ગ્રંથમાલા - ૧૩
(ગુરુગુણગાનમય પ્રવચનમાળા : સંપુટ-૨)

# વસ્તુપાલના ઘડવૈયા ગુરુભગવંતો

: પ્રવચનકાર :
મુનિ શ્રીત્રૈલોક્યમંડનવિજયજી

: પ્રકાશક :
શ્રીભદ્રંકરોદય શિક્ષણ ટ્રસ્ટ, ગોધરા

વિ.સં. ૨૦૭૨ ઈ.સ. ૨૦૧૬

વસ્તુપાલના ઘડવૈયા ગુરુભગવંતો

વક્તા : મુનિ શ્રીત્રૈલોક્યમંડનવિજયજી

પ્રવચન - સમય તથા સ્થળ :
માગસર વદિ ૧૧, સં. ૨૦૭૨,
તા. ૫-૧-૨૦૧૬, મંગળવાર, સાબરમતી, અમદાવાદ

નિશ્રા : આચાર્ય શ્રીવિજયશીલચન્દ્રસૂરિજી મહારાજ

પ્રત : ૧૦૦૦

© સર્વાધિકાર સુરક્ષિત

પ્રકાશક : શ્રી ભદ્રંકરોદય શિક્ષણ ટ્રસ્ટ
C/o. યશોભદ્ર શુભંકર જ્ઞાનશાળા
જૈન સોસાયટી, ગોધરા (પંચમહાલ) - ૩૮૯૦૦૧

પ્રાપ્તિસ્થાન : ૧) સરસ્વતી પુસ્તક ભંડાર
૧૧૨, હાથીખાના, રતનપોળ, અમદાવાદ-૧
ફોન : ૦૭૯-૨૫૩૫૬૬૯૨
૨) શ્રીવિજયનેમિસૂરિ જૈન સ્વાધ્યાયમંદિર
૧૨, ભગતબાગ, જૈનનગર, પાલડી,
અમદાવાદ-૭ ફોન : ૦૭૯-૨૬૬૨૨૪૬૫
૩) શ્રીવિજયનેમિસૂરિ જ્ઞાનશાળા
શાસનસમ્રાટ ભવન, હઠીભાઈની વાડી,
દિલ્હી દરવાજા બહાર, શાહીબાગ રોડ,
અમદાવાદ-૪. ફોન : ૦૭૯-૨૨૧૬૮૫૫૪

મૂલ્ય : ₹ ૨૦૦-૦૦ (સેટ) એક પુસ્તકનું ₹ ૪૦-૦૦

મુદ્રક : કિરીટ ગ્રાફિક્સ - ફોન : ૦૭૯-૨૫૩૩૦૦૯૫

# પ્રકાશકીય

અમારા પરમ ઉપકારી ગુરુભગવંત શ્રીવિજયસૂર્યોદય-સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં, તેઓના શિષ્ય શ્રીવિજયશીલચન્દ્ર-સૂરિજીની પ્રેરણા અનુસાર સ્થાપવામાં આવેલા અમારા ટ્રસ્ટના ઉપક્રમે આજ સુધીમાં ઘણાં પુસ્તકો પ્રકાશિત થયેલાં છે.

તે શૃંખલામાં આજે આ પ્રવચનમાળાની પુસ્તિકાઓનો બીજો સંપુટ પ્રકાશિત કરવાનો લાભ અમને મળ્યો છે, તે માટે અમો પૂજ્ય આચાર્યશ્રીના અત્યંત ઋણી રહીશું. વિશેષ કરીને, નવી શરૂ થયેલી 'શાસનસમ્રાટ ભવન ગ્રંથમાળા'નાં પ્રથમ છ પ્રકાશનો અમારા ટ્રસ્ટના ઉપક્રમે થયાં હતાં. અને તે જ શૃંખલાનાં આગળનાં પ્રકાશનો પણ અમારા ટ્રસ્ટના ઉપક્રમે થાય છે, તેનું અમારે મન ઘણું ગૌરવ છે.

આ પ્રકાશનમાં શ્રીસાબરમતી-રામનગર જૈન શ્વે.મૂ.પૂ. સંઘ - અમદાવાદ તરફથી પોતાના જ્ઞાનખાતામાંથી ઉદાર આર્થિક સહયોગ મળ્યો છે, તે માટે તેઓનો પણ અમો આભાર માનીએ છીએ.

સુઘડ મુદ્રણ માટે કિરીટ ગ્રાફિક્સનો આભાર માનીએ છીએ.

લિ.

શ્રીભદ્રંકરોદય શિક્ષણ ટ્રસ્ટ, ગોધરા

-નો ટ્રસ્ટીગણ

# પ્રાસંગિક

સં. ૨૦૭૨ના વર્ષે માગસર માસમાં સાબરમતીરામનગરના શ્રીસંઘની વિનંતીથી ત્યાં જવાનો યોગ થયો. સંઘના મોભીઓની ભાવના હતી કે તમે સૂરત, વડોદરા વગેરે સ્થાને પ્રવચનમાળા ગોઠવી તેવી અમારે ત્યાં પણ ગોઠવો. અમારે સાંભળવું છે. એમની એ ભાવનાને અનુરૂપ અમે એક પ્રવચનમાળા ગોઠવી, અને બધા મુનિઓએ જે ભિન્ન ભિન્ન મહાપુરુષો વિષે પ્રવચનો આપ્યાં તે બધાં આ પુસ્તિકાઓના રૂપમાં હવે પ્રગટ થઈ રહ્યાં છે.

૨૦૭૧ના ચાતુર્માસમાં વડોદરા-અકોટા ઉપાશ્રયમાં પણ આવી પ્રવચનમાળા યોજાઈ હતી. અને કેટલાક વિષયો યથાવત્ રાખીને તે જ પ્રવચનમાળા સાબરમતીમાં પણ યોજાઈ. તે બંને સ્થાનનાં પ્રવચનોનું સંકલન આ પુસ્તિકાઓમાં થયું છે, અને તે રીતે એક સુંદર પ્રવચનશ્રેણિ તૈયાર થઈ છે.

પ્રવચનમાળાના બહાને આપણને મહાન જ્યોતિર્ધર પૂજ્ય પુરુષોના ગુણગાનની અનુપમ તક મળી તેનો ઘેરો આનંદ છે. સાથે જ અન્ય બાહ્યપ્રવૃત્તિરૂપ-અનુષ્ઠાનોને બદલે આવાં અન્તર્મુખતા વધારનાર અનુષ્ઠાનો પણ સફળ થઈ શકે છે તેનો અહેસાસ હૈયે છે જ.

આ પૂર્વે પ્રકાશિત થયેલા પ્રવચનમાળાના પ્રથમ સંપુટને ચતુર્વિધ શ્રીસંઘ તરફથી ઘણો જ આવકાર મળ્યો છે. અને અનેક જિજ્ઞાસુ જીવો તેના વાંચનથી લાભાન્વિત થયા છે. તેઓની ઘણા સમયથી તે પ્રકારના અન્ય પ્રકાશનો માટેની માંગણી હતી. જિજ્ઞાસુઓની એ શુભ ભાવનાનો પ્રતિસાદ આપ્યાના આનંદ સાથે.

આષાઢ, ૨૦૭૨ — **શીલચન્દ્રવિજય**

# ભૂમિકા

- વિજયશીલચન્દ્રસૂરિ

આપણે વિવિધ ગુરુભગવંતોના ગુણાનુવાદ કરી રહ્યા છીએ. પ્રભુના શાસનને પ્રકાશમાન બનાવનારા અને સ્વ અને પરનું કલ્યાણ સાધનારા એવા પૂજ્ય પુરુષોની થોડી થોડી વાતો આપણે કરી રહ્યા છીએ. આજે વાત કરવાની છે મહામંત્રી વસ્તુપાલ અને તેજપાલના ગુરુઓની.

પુણ્યશ્લોક મંત્રીશ્વર વસ્તુપાલ અને એમના નાના ભાઈ મંત્રી તેજપાલ એ બન્ને યુગપ્રભાવક શ્રાવકો - નરરત્નો હતા. એમના પ્રભાવની વાત કરું. સંવત્ ૧૨૯૮ માં મંત્રી વસ્તુપાળનો સ્વર્ગવાસ થયો છે. ત્યાર પછી તેજપાલ મંત્રીએ હિન્દુસ્તાનના સકલ સંઘને ભેગો કર્યો હતો. તેમાં ચૈત્યવાસી અને વસતિવાસી એમ બન્ને પક્ષોના લગભગ ૬૦-૭૦ જેટલા ગચ્છપતિઓને તેમણે ભેગા કર્યા, જેને સંમેલન કહી શકાય. તે વખતે એક ઠરાવ કર્યો. ભારતભરના શ્રીસંઘોનો ઠરાવ !

બહુ અટપટો ઠરાવ છે એ. આમ તો તે જગજાહેર હતો, પણ આજે ખાસ કોઈ જાણતું નથી, તેથી તેની વિગતમાં નથી જતો; પણ એ ઠરાવ તમામ ગચ્છપતિઓની સહમતી સાથે ભારતના સંઘે કર્યો. એ ઠરાવ આખો શિલાલેખરૂપે કોતરીને શત્રુંજય પર્વતના દાદાના દેરાસરના પ્રવેશદ્વારે, રામપોળમાં ચોંટાડવામાં આવેલો. (જે પાછળના કાળમાં હટાવી દેવાયો હોય એમ લાગે છે). સકલ સંઘે તેનું પાલન કરવાનો તેમાં આદેશ હતો.

આ સંમેલનમાં શ્રાવક તરીકે મુખ્ય હતા તેજપાલ ! કલ્પના કરો કે ૬૦-૭૦ ગચ્છપતિઓ અને સમસ્ત સંઘો જેની અદબ જાળવતાં હશે, જેની વિનંતિને માન આપતાં હશે, એ મંત્રીની ઊંચાઈ કેવી હશે ?

પરંતુ યાદ રાખવાનું છે કે એ વસ્તુપાલ કે તેજપાલ આમ જ વસ્તુપાલ ને તેજપાલ નથી બની ગયા, અને અનુપમાદેવી એમ જ - આપમેળે અમુપમાદેવી નથી બની ગયાં. એ મહાપુરુષો એવા મહાપુરુષ બન્યા તેની પાર્શ્વભૂમાં કેવા કેવા ગુરુભગવંતોનું સામર્થ્ય, શિક્ષણ અને માર્ગદર્શન કામ કરતું હતું, તે પણ જાણી લેવાનું છે.

વાત એવી છે કે માર્ગદર્શન કરનાર સદ્‌ગુરુ જો ન હોય તો, તમે - શ્રાવકો ગમે એટલા ભણેલા-ગણેલા, જાણકાર, ક્રિયાપાત્ર હો, અથવા જે કોઈપણ તમારી વિશેષતાઓ તમારામાં હોવાનું તમે માનતા હો, એ બધી વિશેષતાઓ પર ચોકડી મૂકાઈ જાય.

કોઈક સદ્‌ગુરુ હોવા જોઈએ. કોઈક સદ્‌ગુરુનું માર્ગદર્શન જોઈએ. અને એ વસ્તુપાલ-તેજપાલ માટે શક્ય હતું, જે આપણે માટે અશક્ય છે. તમારી પાસે છે કોઈ માર્ગદર્શક ? તમે કોઈને ગુરુ તરીકે માન્યા છે ? મને ખાતરી છે કે તમારા માથે કોઈ ગુરુ જ નથી; નગુરા છો. સંઘ ચલાવવો હોય ને, તો માથે મોડ જોઈએ.

'સાધુને શું સમજ પડે વહીવટમાં ?' આ આપણી અવધારણા ! સાધુને શું પંચાત ? સાધુ એનું ધરમધ્યાન કરે, માળા ગણે. સાધુથી સંઘની વાતમાં માથું ન મરાય; આ આપણી સમજણ !

હું એમ કહું કે સાધુ વ્યાખ્યાન આપવાનું બંધ કરી દે એવી ગોઠવણ કરીએ. પછી સાધુ અને વ્યાખ્યાન વગર સંઘનાં કેટલાં કામો તમે કરી શકો છો ? એ જોઈએ. અમને ગુમાન નથી કે અમારા વગર સંઘમાં કામ નહિ જ થઈ શકે. સંઘ તો આનંદ કલ્યાણી છે; એનાં કામ કોઈ વગર થોડાં અટકશે ? પણ આ તો જરા આપણે તપાસ-ટેસ્ટ કરવી છે કે સાધુ એટલે શું ? સાધુ વગર ચાલશે કે કેમ ?

તો, વસ્તુપાલ-તેજપાલે શાસનનાં મહાન અને અનેક કામો કર્યાં તેની પાછળ તેમના ગુરુભગવંતોનું બળ હતું. એક આચાર્ય હતા મલધાર ગચ્છના શ્રીનરચંદ્રસૂરિ મહારાજ. બીજા હતા શ્રીવિજયસેનસૂરિ મહારાજ. મલ્લવાદીસૂરિ પણ હતા. આ તો બે-ત્રણ નામ બોલ્યો, બાકી આવા અનેક ભગવંતોનું સામર્થ્ય કહો, પ્રોત્સાહન, માર્ગદર્શન, ઉત્તેજન કહો, જે ગણો તે, એ વસ્તુપાલ-તેજપાલને શાસનના પ્રભાવક બનાવવામાં અને એમના હાથે થયેલાં અદ્દ્ભુત ધર્મકૃત્યો કરાવવામાં નિમિત્ત બન્યું છે. એ ભગવંતોને આ બે મંત્રીઓથી કે આ બે મંત્રીઓને એ બધા પૂજ્ય પુરુષોથી જુદા પાડી શકાય એમ છે જ નહિ. તમે વસ્તુપાલની વાત કરો એટલે આ આચાર્યોની વાત આવે જ, અને આ મહાપુરુષોની વાત કરો તો વસ્તુપાલની વાત આવ્યા વિના ન જ રહે. આપણે એવી બધી વાતો આજે મુનિ ત્રૈલોક્યમંડનવિજયજીના મુખે સાંભળીએ.

# વસ્તુપાલના ઘડવૈયા ગુરુભગવંતો

- મુનિ ત્રૈલોક્યમંડનવિજયજી

पाणिप्रभापिहितकल्पतरुप्रवालः,
चौलुक्यभूपतिसभानलिनीमरालः ।
दिक्चक्रवालविनिवेशितकीर्तिमालः,
श्रीमानयं विजयतां भुवि वस्तुपालः ॥

પુણ્યશ્લોક મંત્રીશ્વર વસ્તુપાલ. એક એવું નામ કે જે લો અને માથું ઝૂકે, હૈયામાં આનંદના ઓઘ ઊછળે, અંતરના તાર રણઝણી ઊઠે. જેસિં નામગ્ગહણે પાવપબંધા વિલિજ્જંતિ. બોલો અને પાપ ખપે, બોલો અને જીભ પવિત્ર થાય, બોલો અને ધન્યતા અનુભવાય એવું પુણ્યવંતું નામ.

વ્યાપક જનસમાજના પુણ્યનો સંચય થાય, સતીઓનાં સત અને તપસ્વીઓના તપ એમાં ધરબાય, સંતોની સાધના એમાં ભળે ને સજ્જનોની આરાધના એમાં મળે ત્યારે આવી

વિભૂતિઓ આ ધરતી પર અવતરતી હોય છે. આ વિભૂતિઓ પાસે એવી પારગામી દૃષ્ટિ હોય છે કે જેને લીધે એ વર્તમાનની પેલે પારના ભવિષ્યને જોઈ શકે છે ને ઘડી શકે છે. A Leader's job is to look into the future and to see the organization not as it is but as it can become. એમની પાસે એવી સર્જનક્ષમતા હોય છે કે એ જ્યાં વસે ત્યાં સ્વર્ગ ખડું કરી શકતા હોય છે. ધાર્મિક અને ધર્મનિષ્ઠ વચ્ચે ફરક કેટલો ? બહુ ઝાઝો નહિ; ધાર્મિક માણસ સ્વર્ગમાં જવાની વાત કર્યા કરશે, જ્યારે ધર્મનિષ્ઠ જ્યાં હશે ત્યાં સ્વર્ગ અવતારવાની મહેનત કરશે ! આ વિભૂતિઓની છત્રછાયામાં અનેક પ્રતિભાઓ પાંગરે છે, ઊગે છે, વિકસે છે, મ્હોરે છે અને સમાજ એનાં મીઠાં ફળ ચાખે છે. ચીલો ચાતરી શકવાની, નવી લીટી આંકી શકવાની, લોકચેતનાને ચોક્કસ દિશામાં દોરી શકવાની ક્ષમતા આ મહાપુરુષોને સહજસિદ્ધ હોય છે.

આ મહાપુરુષો જે દેશ-કાળમાં જન્મે એ દેશ-કાળ એમનાથી શોભતા હોય છે, એમનાથી ઓળખાતા હોય છે.

"તીન સજાવત દેશ કું સતી સંત અરુ શૂર"

વસ્તુપાલ જે દેશમાં વસ્યા એ દેશ એમના નામે ઓળખાયો - 'વસ્તુપાલનું ગુજરાત'. વસ્તુપાલ જે કાળમાં શ્વસ્યા એ કાળ એમનું અભિધાન પામ્યો - 'વસ્તુપાલયુગ'. કેટકેટલી પ્રશસ્તિઓ રચાઈ આ નામને - એનાં કામને બિરદાવતી !

શ્રીઉદયપ્રભસૂરિજીનું ધર્માભ્યુદયમહાકાવ્ય, શ્રીબાલચંદ્રસૂરિજીનું [૧]વસંતવિલાસ મહાકાવ્ય, પંડિત જિનહર્ષનું વસ્તુપાલ-

૧. વસ્તુપાલ સાહિત્યજગતમાં 'વસંતપાલ'ના નામે ઓળખાતા હતા. એટલે કવિએ એમના ચરિત્રનું નામ 'વસંતવિલાસ' રાખ્યું છે.

ચરિત્ર જેવાં કાવ્યો અને સુકૃતકીર્તિકલ્લોલિની, સુકૃતસંકીર્તન, કીર્તિકૌમુદી-ગત પ્રશસ્તિ જેવી ઢગલાબંધ પ્રશસ્તિઓ એમની અનુમોદનામાં રચાયાં છે. યાદ રાખજો કે આ કાવ્યોના, આ પ્રશસ્તિઓના રચનારા કંઈ લેભાગુ ભાટ-ચારણો નહોતા; નિરર્થક અનુમોદનાને પણ દોષ ગણનારા મહાત્માઓ હતા, વિદ્યા અને વિદ્યાવંત સિવાય કોઈને માથું નહીં નમાવનારા વિદ્વજ્જનો હતા. પ્રશ્ન થાય કે એવું તો શું હશે વસ્તુપાલમાં કે જેણે આટલા બધાને આકર્ષી લીધા - જકડી લીધા ? એક કવિએ આનો જવાબ બહુ જ સરસ રીતે આપ્યો છે -

"विभुता-विक्रम-विद्या-विदग्धता-वित्त-वितरण-विवेकैः ।
यः सप्तभिर्विकारैः कलितोऽपि बभार न विकारम् ॥"

वस्तुपालमां सात सात वि-कार (वि'थी शरू थती वस्तुओ) हता : ૧. વિભુતા (સત્તા), ૨. વિક્રમ (પરાક્રમ, શૌર્ય), ૩. વિદ્યા, ૪. વિદગ્ધતા (ચતુરાઈ), ૫. વિત્ત (ધન), ૬. વિતરણ (દાન), ૭ વિવેક. અને છતાંય મજા એ છે કે એમની પાસે એક વિ-કાર ક્યારેય આવ્યો જ નહીં, એ વિ-કારનું નામ છે 'વિકાર'. બધું જ હોવા છતાં પણ મલિનતા એમને ક્યારેય સ્પર્શી નહીં !

આપણે વસ્તુપાલને નિપુણ રાજપુરુષ તરીકે, કુશલ રણયોદ્ધા તરીકે, સન્નિષ્ઠ શ્રાવક તરીકે, મહાન ધર્મપ્રભાવક તરીકે - એમ અનેક રીતે ઓળખીએ છીએ, આ બધા માટે થઈને આપણે એમના પર ઓળઘોળ પણ થઈ જઈએ છીએ. પણ એમનું 'વિદ્યાપ્રિયતા'નું પાસું આપણા માટે જાણે તદ્દન અજાણ્યું રહી ગયું છે. આજે તમારી સામે એમની વિદ્યાપ્રિયતા વિશે થોડીક વાતો કરવી છે.

વિક્રમના તેરમા સૈકાનો ઉત્તરાર્ધ અને ચૌદમા સૈકાનો પ્રારંભકાળ ગુજરાતમાં વિદ્યાવિલાસનો કાળ હતો. તે સમયના ગુજરાતના રાણા વીરધવલ અને વીસલદેવ તો માળવાના પ્રસિદ્ધ રાજા મુંજ અને ભોજની જેમ પોતાની સભામાં પંડિતો રાખતા. પણ આ સમયમાં વિદ્યાપ્રચારને સૌથી વધુ વેગ મળ્યો હોય, તો તે મંત્રીશ્વર વસ્તુપાલ તરફથી. આ સમયની ગુજરાતની સાહિત્યપ્રવૃત્તિમાં, વિદ્યાપ્રીતિને વિકસાવવામાં વસ્તુપાલની પ્રેરણા ઘણે અંશે કારણરૂપ બની છે.

વસ્તુપાલ પોતે સાહિત્યરસિક, સાહિત્યવિવેચક અને સાહિત્યપોષક હતા. કેટલાય પંડિતોને તેમણે આશ્રય આપ્યો હતો. કેટલાય વિદ્વાનોની સર્જનયાત્રામાં તેમણે સહાય કરી હતી. જૈન શ્રમણવર્ગના અધ્યયન માટે તો તેમણે જાણે કમર કસી હતી. શ્રીઉદયપ્રભસૂરિજી માટે તો તેમણે આખા ભારતમાંથી પંડિતોને ભણાવવા માટે બોલાવ્યા હોવાનું નોંધાયું છે. તેમણે આપકમાઈની ૧૮ કરોડ સોનામહોર ખર્ચીને ભરૂચ, પાટણ, ખંભાત વગેરે સ્થળોએ જ્ઞાનભંડાર સ્થાપ્યા હતા. રાજકાજની અનેક ખટપટો અને શાસનોન્નતિનાં અનેક કાર્યોમાંથી પણ સમય કાઢીને તેમણે પોતે પોતાના હાથે ધર્માભ્યુદય મહાકાવ્યની તાડપત્ર પ્રતિ લખી હતી ! વસ્તુપાલની અપૂર્વ વિદ્યાપ્રિયતાનો એ નમૂનો છે, વસ્તુપાલનો એ અ-ક્ષર દેહ છે. ખંભાતના શ્રીશાંતિનાથ તાડપત્રીય જ્ઞાનભંડારમાં એ પ્રત આજે પણ મોજૂદ છે. એમાં છેલ્લે પ્રશસ્તિ છે -

"सं. १२९० वर्षे चैत्र शुदि ११ रवौ स्तम्भतीर्थवेलाकूलमनुपालयता महं० श्रीवस्तुपालेन श्रीधर्माभ्युदयमहाकाव्यपुस्तकमिदमलेखि ।।छ।। शुभमस्तु श्रोतृव्याख्यातृणाम् ।।"

ક્યારેક એ પ્રતનાં પણ દર્શન કરજો. તમે લોકો તીર્થભૂમિ એટલે દેરાસર જ ગણો છો. આવા ભંડારો પણ તીર્થભૂમિ જ ગણાય. એની પણ યાત્રા કરવી જોઈએ.

વસ્તુપાલ પોતે કવિ પણ હતા. તેમણે કૃષ્ણ અને અર્જુનનું સખ્ય, રૈવતકગિરિ પર તેમનું વિહરણ, અર્જુને કરેલું કૃષ્ણની બહેન સુભદ્રાનું હરણ - જેવા પ્રસંગોને કવિત્વપૂર્ણ રીતે વર્ણવતું 'નર-નારાયણાનંદ'[1] નામનું મહાકાવ્ય રચ્યું છે. ગૂર્જરદેશના જ એક પૂર્વકાલીન મહાકવિ માઘના શિશુપાલવધની શૈલીએ લખાયેલું પ્રસ્તુત મહાકાવ્ય, કાવ્યવિવેચનાના પ્રત્યેક દૃષ્ટિકોણથી માઘની એ વિખ્યાત રચનાની સામે માનભેર ઊભું રહેવાને પાત્ર છે.

વસ્તુપાલે સ્તોત્રો પણ ઘણાં રચ્યાં. શત્રુંજયમંડન-આદિનાથસ્તોત્ર, ગિરનારમંડન-નેમિનાથસ્તોત્ર, અંબિકાસ્તોત્ર જેવાં સ્તોત્રો આજે પણ મળે છે. એક એક સ્તોત્ર, એનો એક એક શ્લોક વાંચતાં જાઓ, એને મમળાવતાં જાઓ અને હૈયું ભક્તિની ભીનાશથી ભીંજાતું જાય ! આદિનાથ-મનોરથમય સ્તોત્ર જુઓ. વસ્તુપાલે એમાં ભગવાનનાં ચરણોમાં પોતાના મનોરથો રજૂ કર્યા છે. કેવા મનોરથો !

"संसारव्यवहारतो रतिमतिव्यावर्त्य कर्तव्यता-
वार्तामप्यमपहाय चिन्मयतया त्रैलोक्यमालोकयन् ।
श्रीशत्रुञ्जयशैलगह्वरगुहामध्ये निबद्धस्थितिः,
श्रीनाभेय! कदा लभेय गलितज्ञेयाभिमानं मनः ? ॥"

"હું શત્રુંજય ગિરિરાજની કોઈ ગુફામાં નિશ્ચલ થઈને બેસી ગયો હોઉં. સંસારના વ્યવહારની કોઈ જ પંચાત ન હોય.

---

૧. નર એટલે અર્જુન અને નારાયણ એટલે શ્રીકૃષ્ણ.

આ કરવું અને આ નહીં કરવું એવી કોઈ સૂઝ ન હોય. બસ ! ચિદાનંદની મોજ હોય, અને આ સચરાચર સૃષ્ટિનું નિર્લેપભાવે દર્શન હોય. 'હું જાણું છું' એટલું અભિમાન પણ મનના ઊંડાણમાંથી સરી પડ્યું હોય. હે આદિનાથ ! આવું ક્યારે બનશે ? ક્યારે બનશે ?"

વસ્તુપાલને સૂક્તિઓ રચવાનો બહુ શોખ હતો. તેમણે રચેલાં નીતિ, સદાચાર, આરાધના વગેરેને લગતાં ઘણાં સુભાષિતો જહ્લણની સૂક્તમુક્તાવલિ, શાર્ઙ્ગધરની શાર્ઙ્ગધરપદ્ધતિ, પ્રબન્ધગ્રંથો વગેરેમાં સંગૃહીત થયાં છે. તેમની આ સૂક્તિઓ પર કવિઓ મુગ્ધ બનતા હતા. તેમની કવિપ્રતિભાનું કેવું વૈશિષ્ટ્ય સૂક્તિરચનામાં પ્રગટતું હશે તેનો અંદાજ આપતી એક કવિરચિત પ્રશંસા જુઓ -

"पीयूषादपि पेशलाः शशधरज्योत्स्नाकलापादपि,
स्वच्छा नूतनचूतमञ्जरिभरादप्युल्लसत्सौरभाः ।
वाग्देवीमुखसामसूक्तविशदोद्‌गारादपि प्राञ्जलाः,
केषां न प्रथयन्ति चेतसि मुदं श्रीवस्तुपालोक्तयः ? ॥"

"અમૃતથી પણ વધારે મધુર, ચાંદનીથી પણ વધારે શુભ્ર, આંબાની નવી માંજર કરતાં પણ વધારે સુરભિત, શ્રીસરસ્વતી દેવીના મુખમાંથી પ્રગટેલા વિશદ ઉદ્‌ગારથી પણ વધારે મનભાવન એવી વસ્તુપાલની સૂક્તિઓ કોના મનમાં આનંદ નથી જન્માવતી ?"

બહુ મન થાય કે વસ્તુપાલની થોડીક સૂક્તિઓ તમને કહું, પણ શું કરવું ? તમને એક તો સંસ્કૃત આવડે નહિ અને સાહિત્યમાં રસ તો મુદ્દલ મળે નહિ. તમને રસ શેમાં પડે ? સાચું કહું ? તમને જોઈને એક પંક્તિ યાદ આવી જાય છે -

"ગૌઆની આગળ મૂકો સોનાના તાર,
પણ ઘાસના પૂળામાં એનો સઘળોય સાર."

હશે ! મૂળ વિષય પર આવું. વસ્તુપાલનું જીવન જોઈને એક પ્રશ્ન થાય કે એક જ વ્યક્તિ હજારો-લાખોનો સંહાર થાય તેવાં યુદ્ધો પણ કરી શકે અને બાર વ્રતધારી શ્રાવક પણ હોઈ શકે; રાજકાજની અનેક ખટપટોની વચ્ચે પણ રાજ્યની ધુરાને આબાદ સંભાળી શકે અને તેમ છતાં પોતાની આંતરિક શુદ્ધિ અને નિર્મળતાને અકબંધ જાળવી શકે; શાસનપ્રભાવનાનાં અનેકાનેક અનૂઠાં કાર્યો પણ સર્જી શકે અને છતાં શાસનના એક અદના સેવકની જેમ વર્તી શકે - કઈ રીતે બનતું હશે આ બધું ? કેટલું મજબૂત ઘડતર થયું હશે એમનું ? એમના ઘડવૈયા કેટલી વિશાળ, કેટલી ઉદાર, કેટલી ગંભીર દૃષ્ટિ ધરાવતા હશે ? કોણ હશે આ મહામાનવના ઘડવૈયા ? કોણ હશે આ મૂર્તિના શિલ્પી ? આ પ્રશ્નનો જવાબ મેળવવા માટેનો આ વિશે મંથન કરવાનો જ આજે ઉપક્રમ છે.

વસ્તુપાલનું ઘડતર કરવામાં અનેક ગુરુભગવંતોનું યોગદાન હતું. આ ગુરુભગવંતો ન હોત તો વસ્તુપાલના હાથે આટલાં શાસનપ્રભાવનાનાં કાર્યો તો ન જ થયાં હોત, પણ વસ્તુપાલ 'જૈન' રહ્યા હોત કે કેમ એ પણ શંકાસ્પદ છે.

બન્યું હતું એવું કે વસ્તુપાલ 'મંત્રીશ્વર' પદની જવાબદારી સંભાળ્યા પછી રાજકાજમાં એવા તો ખૂંપી ગયા કે જૈનધર્મની સાધના-આરાધના માટે તો એમાં કોઈ સમય જ નહોતો બચતો. અને કદાચ બચે તો એ વધેલો સમય વિદ્વાનો સાથે સાહિત્યગોષ્ઠી અને આનંદપ્રમોદમાં વહી જતો હતો. સ્વાભાવિક રીતે બનતું આવ્યું છે તેમ, એમની સત્તા-સંપત્તિનો ગેરલાભ

ઉઠાવનારા હજૂરિયાઓનું ટોળું એમની ચોફેર વીંટળાયેલું રહેતું. અને એને લીધે વસ્તુપાલના જીવનમાંથી ધર્મની રહીસહી સુગંધ પણ વહી જતી હતી. આ જોઈને એમની માતા કુમારદેવીનું હૈયું વલોવાઈ જતું હતું, પણ તે યોગ્ય અવસરની રાહ જોઈ રહ્યાં હતાં.

એ અરસામાં ત્યાં શ્રીવિજયસેનસૂરિજી મહારાજની પધરામણી થઈ. વસ્તુપાલના પિતૃપક્ષે એ ગુરુ થાય. નાગેન્દ્રગચ્છના એ મહાપુરુષ. આર્ય વજ્રના પટ્ટધર આર્ય વજ્રસેનના ચાર મહાશિષ્યો નાગેન્દ્ર, ચન્દ્ર, નિર્વૃતિ અને વિદ્યાધરથી તે જ નામવાળી ચાર શાખાઓ નીકળી. આગળ જતાં આ શાખાઓ 'ગચ્છ' ના નામે ઓળખાઈ. આ એક એક ગચ્છે જિનશાસનના ચરણે ઘણા ઘણા મહાપુરુષોની ભેટ ધરી. તેમાં નાગેન્દ્રગચ્છમાં આર્ય નાગાર્જુન, આર્ય ભૂતદિન્ન, પઉમચરિયંના કર્તા વિમલસૂરિજી, કુવલયમાલાના કર્તા ઉદ્યોતનસૂરિજી, જંબૂચરિયંના કર્તા ગુણપાલ, ભુવનસુંદરી કથાના સર્જક વિજયસિંહસૂરિજી જેવી અનેક વિભૂતિઓ જન્મી. ૧૨મી સદી આસપાસ નાગેન્દ્રગચ્છમાં મહેન્દ્રસૂરિજી થયા. તેમના શિષ્ય મહાતાર્કિક શાંતિસૂરિ મહારાજની પાટે બે આચાર્યો થયા - આનંદસૂરિ અને અમરચન્દ્રસૂરિ. બંને ભાઈઓ મહાવિદ્વાન. ન્યાય અને દર્શનમાં પારંગત. વાદશક્તિ તો એવી ઉદ્ભટ કે સિદ્ધરાજ જયસિંહે તેની રાજસભામાં બાળપણમાં જ બંને ભાઈઓને 'વ્યાઘ્રશિશુ' અને 'સિંહશિશુ' તરીકે ઓળખાવેલા. નવ્યન્યાયનો અભ્યાસ કરીએ તો એમાં 'સિંહવ્યાઘ્રલક્ષણ' નામનો ગ્રંથ આવે. એ ગ્રંથમાં જે મૂળભૂત વ્યાપ્તિલક્ષણો છે તે આ બે આચાર્યોનાં છે એવો વિદ્વાનોનો મત

છે. તેમના પટ્ટધર 'કલિકાલગૌતમ' બિરૂદધારી બહુશ્રુત શ્રીહરિભદ્રસૂરિ[1] થયા. અને તેમના શિષ્ય નાગેન્દ્રગચ્છના અધિપતિ શ્રીવિજયસેનસૂરિજી[2]. અનેક પેઢીઓથી વસ્તુપાલના પિતૃપક્ષે તેમની પરંપરા ગુરુ તરીકે પ્રતિષ્ઠિત હતી.

આ વિજયસેનસૂરિ મહારાજ પોતે ધોળકા પધાર્યા છે. વસ્તુપાલને ખબર છે કે મારા ગુરુ ભગવંત અત્રે બિરાજમાન છે, પણ વંદન કરવા માટે ઉપાશ્રયે ગયા નથી. માતા કુમારદેવીએ વિનંતિ કરી કે "સાહેબ ! ઘરે પગલાં કરો. તમારા શ્રાવકનું ઘર છે". આચાર્ય ભગવંત લાભાલાભ વિચારી ઘરે પધાર્યા. વસ્તુપાલ પોતે મેડી પર બેઠા છે. સાહિત્યગોષ્ઠી ચાલી રહી છે. ખુશામતનો છૂટો દોર ચાલે છે. એમને ખબર આપવામાં આવ્યા, પણ નીચે ઊતરતા નથી. ન ઊતરવું એવું નથી, પણ એક જાતની ઉદાસીનતા. કુમારદેવી અને ઘરના અન્ય સભ્યોએ વંદનાદિ વિવેક કર્યો, આચાર્યશ્રી પાસે હિતશિક્ષા લીધી. અને આચાર્ય ભગવંત પાછા જવાની તૈયારી કરે છે. ત્યાં કુમારદેવીને થયું કે 'આજે તો આ પાર કે પેલે પાર ! કરવું જ પડશે કશુંક. નહિ તો છોકરાનો આ ભવ તો સુધરે કે ન સુધરે, પરભવ તો બગડશે જ". ગયાં ઉપર અને બધાની વચ્ચે વસ્તુપાલનો ઉધડો લીધો - "વસ્તુપાલ ! તું મંત્રી બને કે ન બને, પાંચ લોકોમાં પૂછાય કે ન પૂછાય - મને એની સાથે કોઈ લેવાદેવા નથી. પણ તારા બાપના પણ ગુરુ છેક ઘરે પધાર્યા હોય અને તું વંદન કરવા પણ ન આવે તો ફટ છે તને. મારો દીકરો આવો અધર્મી પાક્યો એ જોઈને તો મારી આંતરડી

**૧-૨. આ હરિભદ્રસૂરિજી અને વિજયસેનસૂરિજી પ્રસિદ્ધ ૧૪૪૪ ગ્રંથકાર હરિભદ્રસૂરિજી અને શ્રીવિજયહીરસૂરિજી મહારાજના પટ્ટધર શ્રીવિજયસેનસૂરિજી મહારાજથી અલગ વ્યક્તિ છે.**

કકળે છે." કેવી હિંમતવાન અને વાત્સલ્યમયી હશે એ માતા ! તમે તો તમારા સંતાનને હિતનાં બે વેણ પણ નથી કહી શકતાં. અને કેવો ધન્ય એ પુત્ર ! શી એની માતૃભક્તિ ! જાહેરમાં આટલો ઠપકો સાંભળીને પણ વસ્તુપાલ મા પર અકળાયા નહિ. એમણે માના દિલની વેદના પારખી. માની આંખમાં પોતાની ભલાઈની કામના વાંચી. અને મા જોડે નીચે આવ્યા. ગુરુમહારાજનાં ચરણોમાં માથું મૂક્યું. અને ગુરુમહારાજ પણ કેવા સમતાસાગર ! એમણે વસ્તુપાલને ઠપકાનાં બે વેણ પણ ન કહ્યાં. કેવળ પ્રેમભરેલી મીઠી ટકોર કરી -

"जीवादिशेति पुनरुक्तमुदीरयन्तः,
कुर्वन्ति दास्यमपि वण्ठजनोचितं ये ।
तेष्वेव यद् गुरुधियं गुरवो विदध्युः,
सोऽयं विभूतिमदपानभवो विकारः ॥"

"ઘણું જીવો ! ઘણી ખમ્મા !" આવી રીતે વારંવાર બોલ્યા કરે અને ખુશામત કરીને રાજી કરવા મહેનત કર્યા કરે, તેવા માણસોને જો મહાપુરુષો પોતાના 'હિતકારી' ગણતા હોય તો તો સમજવું જોઈએ કે સત્તાનો મદ માથે ચડી ગયો છે !"

તેજીને ટકોરો હોય ! વસ્તુપાલ સમજી ગયા અને જૈન શાસનને એક પરમાર્હત પરમ શ્રમણોપાસક લાધ્યા.

હવે વારો હતો તેજપાલનો. એ કંઈ આવી રીતે શ્લોકમાં સમજે નહિ. ગુરુભગવંત એમની પ્રકૃતિ જાણે - બરાબર ઓળખે. પોલાદનો ઘાટ ઘડતાં પહેલાં એને બરાબર તપાવવું પડે એ સમજે. એમણે એક યુક્તિ કરી. તેજપાલનો અંગત મુનીમ હતો મુંજાલ, જૈન શ્રાવક અને સમજદાર. એને સાધ્યો,

શું કરવું અને શું કહેવું તે બરાબર સમજાવી દીધું. બીજે દિવસથી ચાલુ થયું.

તેજપાલ બપોરે જમી પરવારીને દુકાને જાય. જેવા દુકાન જઈને થડે બેસે કે મુંજાલ પૂછે "તાજું જમ્યા કે વાસી ? ગરમ રસોઈ ખાવા મળે છે કે ઠંડી રસોઈથી ચલાવી લો છો ?" તેજપાલનો મિજાજ આમે ગરમ. અને એમાંય આવો બેવજૂદનો સવાલ સાંભળીને તો એ ઊકળી ઊઠે. પણ અંગત મુનીમ છે એમ કરીને મન મનાવી લે. જવાબ આપી દે કે 'ગરમ ખાધું' અને વાત પતાવે. પણ રોજ રોજ આ ચાલ્યું અને એક દિવસ એમના મોઢામાંથી કથોળાં વેણ નીકળી ગયાં કે "સાવ ઢોર જેવો છે". સામો મુંજાલ પણ ગાંજ્યો જાય એમ નહોતો. એણે તો તરત જ રોકડું પરખાવ્યું કે "द्वयोरेकः भविष्यति" "આપણા બેમાંથી એક જણ તો હશે જ". અને તેજપાલ ચમક્યા. એમને થયું કે આ મુનીમ વગર કારણે આવી વાત ન કરે, કશુંક રહસ્ય હશે. અને એમણે મુનીમને પૂછ્યું કે "ભાઈ ! વાત શું છે ?". મુંજાલે સમજાવ્યું કે "ગયા ભવમાં પુણ્ય કર્યાં હશે તે આ ભવે ભોગવો છો. પણ નવું કશું પુણ્ય ઉપાર્જન કરતાં નથી. એટલે મેં કહ્યું કે વાસી ખાવ છો, તાજું નહિ." તેજપાલ કહે કે "આ તું નથી કહેતો, કોઈકે તને શીખવાડ્યું લાગે છે". અને મુંજાલ એમને શ્રીવિજયસેનસૂરિજી પાસે લઈ ગયો. તમે નહીં માનો પણ હકીકત છે કે આચાર્યશ્રીએ તેજપાલને આખું ઉપાસકદશાંગ આગમ સંભળાવ્યું - સમજાવ્યું અને તેજપાલને વ્રતધારી શ્રાવક બનાવ્યા.

અને પછી તો શ્રીવિજયસેનસૂરિજી મહારાજ વખતોવખત બંને ભાઈઓને પ્રેરણા કરતાં રહેતા. ધર્મમાર્ગમાં, આત્મકલ્યાણમાં

એમનો ઉત્સાહ વધારતાં રહેતા. સત્કાર્યમાં ધન વાવરવાની શીખ આપ્યા કરતા. એમની શીખ પણ કેવી મધમીઠી રહેતી !

"श्रीलता शुचितरेषु रोपिता, स्थानकेषु समये यथाविधि ।
पुष्पिताऽद्भुततरैर्यशोभरैराशु पुण्यफलहेतवे भवेत् ॥"

"લક્ષ્મીલતાને જો વિધિપૂર્વક પવિત્ર સ્થાનોમાં રોપવામાં આવે તો તો કેટલો લાભ થાય ? એના પર અદ્ભુત યશનાં ફૂલ ખીલે અને બહુ જ ઝડપથી પુણ્યરૂપી ફળોથી એ લચી પડે."

અને બંને ભાઈઓએ ગુરુની એ પ્રેરણા ઝીલીને, ગુરુની એ શીખ માથે ચડાવીને જે પુણ્યકાર્યો કર્યાં એ જગપ્રસિદ્ધ છે. આ આચાર્યના હાથે પ્રતિષ્ઠિત લૂણવસહીનાં દેરાં તો આજે પણ બંધુયુગલની કીર્તિ અવિરત ગાઈ રહ્યાં છે. અન્ય કેટલાંય જિનમંદિરો, ધર્મસ્થાનકો, શિવમંદિરો, મસ્જિદો, દાનશાળાઓ, ધર્મશાળાઓ વગેરેનાં નિર્માણ આ આચાર્યશ્રીની પ્રેરણાથી વસ્તુપાલ-તેજપાલે કર્યાં. માનવતા અને કરુણા માટે તો દાનની સરવાણી જ જાણે ફૂટી નીકળી હતી.

શ્રીવિજયસેનસૂરિ મહારાજે 'રેવંતગિરિરાસુ'ની રચના કરી છે. મધ્યકાલીન ગુજરાતીની પ્રાચીનતમ કૃતિઓમાં એનું વિશિષ્ટ સ્થાન છે. ગિરનારની સંઘયાત્રા વખતે લોકોને ગાવા માટે એની રચના થઈ છે. સંઘ ગિરનારની પાજ ચઢતો જાય, આ રાસ ગાતાં ગાતાં હિલોળા લેતો જાય, ભક્તિમાં તરબોળ બનતો જાય એવી સરસ મધુર આ રચના છે. ક્યારેક વાંચજો - ગાજો.

મહાકવિ આસડની વિવેકમંજરી પરની બાલચંદ્રસૂરિ રચિત વૃત્તિનું સંશોધન પણ આ ભગવંતે કર્યું હતું. શ્રીપ્રદ્યુમ્નસૂરિજી મહારાજને ન્યાયનો અભ્યાસ પણ આ ભગવંતે જ કરાવ્યો હતો. એમના માટે કહેવાતું હતું કે -

"जीयाद् विजयसेनस्य प्रभोः प्रातिभदर्पणः ।
प्रतिबिम्बितमात्मानं यत्र पश्यति भारती ॥"

"વિજયસેનસૂરિજીની પ્રતિભારૂપી દર્પણમાં તો સ્વયં સરસ્વતી દેવી પોતાને પ્રતિબિંબિત થયેલી જુએ છે !"

એમના શિષ્ય ઉદયપ્રભસૂરિજી પણ મહાવિદ્વાન હતા. એમણે સુકૃતકીર્તિકલ્લોલિની, ધર્માભ્યુદય જેવાં કાવ્યો તથા ઉપદેશમાલા-કર્ણિકા, આરંભસિદ્ધિ, શબ્દબ્રહ્મોલ્લાસ, નેમિનાથ-ચરિત્ર જેવા ગ્રંથો રચ્યા છે.

વસ્તુપાલના બીજા ગુરુ હતા મલધારી શ્રીનરચન્દ્રસૂરિ મહારાજ. વસ્તુપાલના એ માતૃપક્ષે ગુરુ થાય. મલધારી ગચ્છની ઉત્પત્તિની કથા પણ બહુ રસપ્રદ છે.

કલ્પસૂત્રની સ્થવિરાવલીમાં શ્રમણ પરંપરાની માધ્યમિકા-મજ્ઝિમિયા શાખાનું નામ આવે છે. આગળ જતાં રાજસ્થાનમાં આવેલ નાગોર પાસેનું હર્ષપુર (-હરસોર-હાંસોટ) આ શાખાનું કેન્દ્રસ્થલ બન્યું. અને તેથી આ શાખા 'હર્ષપુરીય ગચ્છ' તરીકે ઓળખાતી થઈ. આ ગચ્છમાં બારમી સદી આસપાસ શ્રીઅભયદેવસૂરિ નામના મહાપુરુષ થયા. તદ્દન નિઃસ્પૃહ મહાત્મા. એક ચોલપટ્ટો અને એક કપડો, એટલો જ એમનો પરિગ્રહ. બાકી બધાનો ત્યાગ એમણે કર્યો હતો. નિરંતર છઠ્ઠ-અઠ્ઠમની તપસ્યા તેઓ કરતા હતા. જાવજ્જીવ પાંચ વિગઈનો તેમને ત્યાગ હતો. તેઓ મહાવિદ્વાન અને સકલ શાસ્ત્રોના પારગામી હતા. ચક્રેશ્વરી દેવી તેમના પર પ્રસન્ન હતી. તેઓએ શાકંભરીના રાજા પૃથ્વીરાજ ચૌહાણ(પહેલા)ને પ્રતિબોધ પમાડી તેને જૈન બનાવ્યો હતો. અને રણથંભોરના જિનાલયના શિખર પર તેઓના ઉપદેશથી તે રાજાએ સુવર્ણકળશ ચડાવ્યો હતો.

ગોપગિરિ(-ગ્વાલિયર)નો રાજા ભુવનપાલ પણ તેમના ઉપદેશથી જૈન બન્યો હતો. જૈન સંઘમાં જેનો અતિશય મહિમા છે તે અંતરિક્ષ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા પણ આ અભયદેવસૂરિજી મહારાજે જ શ્રીપાલરાજાની વિનંતિથી વિ. સં. ૧૧૪૨ માં કરી હતી. પાટણના રાજા સિદ્ધરાજ જયસિંહને પ્રેરણા કરીને તેના રાજ્યમાં અમુક દિવસોનું અમારિપ્રવર્તન પણ તેઓએ કરાવ્યું હતું. સિદ્ધરાજને તેમના માટે એટલો સદ્ભાવ હતો કે સં. ૧૧૬૮ માં પાટણમાં જ તેઓ સુડતાલીસ દિવસના અનશન પૂર્વક કાળધર્મ પામ્યા ત્યારે તેમની અંતિમયાત્રામાં પણ રાજા સપરિવાર જોડાયો હતો. આ ભગવંતે લોકચાહના કેટલી સંપાદિત કરી હશે તેનો અંદાજ એનાથી આવે કે તેમના અગ્નિસંસ્કારના સ્થળે લોકોએ રાખ અને પછી માટી લેવા એટલી પડાપડી કરી હતી કે ત્યાં એને લીધે એક મોટો ખાડો પડી ગયો હોવાનું ઇતિહાસના પાને નોંધાયું છે.

રાજા કર્ણદેવના વખતમાં આ ભગવંત એક વખત પાટણના રાજમાર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા. શરીર મેલથી ખરડાયેલું હતું, કપડાં પણ મલિન હતા, પણ બ્રહ્મતેજ એટલું કે લલાટ ઝગારા મારે. એમની ચોતરફ એક આભામંડળ જાણે રચાયું હતું. જોગાનુજોગ રાજા કર્ણદેવને એ જ વખતે એ રાજમાર્ગ પરથી હાથીના હોદ્દે ચડીને રાજસવારીએ નીકળવાનું થયું. સામેથી આચાર્ય ભગવંતને એણે આવતા જોયા, મલિન વસ્ત્રો અને શરીર વચ્ચેથી તેજ પ્રસરતું જોયું અને એના હૃદયમાં બહુમાન જાગ્યું. એ ખોળામાં બેઠેલા બાલ સિદ્ધરાજ સાથે હાથીની અંબાડીએથી નીચે ઊતર્યો અને આચાર્યશ્રીનાં ચરણે નમ્યો. એના મુખમાંથી નીકળ્યું કે “તમે તો મલધારી છો !”.

એ દિવસથી અભયદેવસૂરિજી 'મલધારી' તરીકે ઓળખાતા થયા. અને એમની સંતતિ 'મલધારી ગચ્છ'નું અભિધાન પામી.

પાટણના જ મંત્રી પ્રદ્યુમ્ને એમની પાસે દીક્ષા અંગીકાર કરી હતી. આ જ મંત્રી આગળ જતાં 'મલધારી હેમચંદ્રસૂરિજી' થયા. જિનશાસનના આકાશમાં જાણે એક ઝળહળતું નક્ષત્ર. આગમોની વૃત્તિની વાત આવે અને બે નામ અવશ્ય યાદ આવે - એક શ્રીમલયગિરિસૂરિજી મહારાજ અને બીજા મલધારી શ્રી-હેમચન્દ્રસૂરિજી મહારાજ. કેટકેટલા આગમો પર એમણે વૃત્તિ રચી ! આવશ્યક, નંદીસૂત્ર, અનુયોગદ્વાર, વિશેષાવશ્યક મહાભાષ્ય. શાસ્ત્રો પણ કેટલાં બધાં રચ્યાં ! પુષ્પમાલા પ્રકરણ (વૃત્તિસહિત), ભવભાવના પ્રકરણ (વૃત્તિસહિત), જીવસમાસવૃત્તિ વગેરે. અને આટલું કરવા છતાં એમણે જે શબ્દો વાપર્યા છે તે જુઓ. એમનાં વચનોનો જ અનુવાદ કરું છું -

"મને ગુરુજનોએ જ્ઞાન આપ્યું છે. હું તેમાંથી જે જે સમજ્યો છું, તેને આત્મસ્મરણ માટે મેં અહીં ગોઠવ્યું છે. આમાં જે જે દોષો હોય તે મુનિજનોએ મારા ઉપર પ્રસન્ન બનીને શોધવા. કેમ કે જગતમાં સૌ કર્મને આધીન છે, સૌ છદ્મસ્થ છે અને મારા જેવા તો સદ્‌બુદ્ધિવિહોણા છે અને મતિવિભ્રમ તો કોને થતો નથી ?"

સાંભળ્યું ? કેટલું નિરભિમાન ! કેટલી નમ્રતા ! અને અમને જુઓ. થોડું ભણ્યા, થોડું લખ્યું, થોડાં વ્યાખ્યાનો લખાવ્યાં-છપાવ્યાં અને પોતાની જાતને શ્રીહરિભદ્રસૂરિજી કે ઉપાધ્યાય શ્રીયશોવિજયજી સાથે સરખાવવા બેઠા ! **જાતનાં વખાણ કરવાની બાબતમાં અત્યારના ભગવંતો એકદમ સ્વાવલંબી છે. બીજું કોઈ કરે કે ન કરે - આપણે તો આપણાં**

**વખાણ કરી જ દેવાનાં. શા માટે પારકી ગરજ રાખવી ? સાધુ તો સ્વાધીન જ હોય ને ભલા !**

મલધારી હેમચંદ્રસૂરિજીના હાથે શાસનપ્રભાવનાનાં કાર્યો પણ વિપુલ પ્રમાણમાં થયાં. સિદ્ધરાજ જયસિંહને પ્રતિબોધ પમાડતાં રહીને અમારિ-પ્રવર્તનના દિવસોની સંખ્યા વર્ષે ૮૦ દિવસ જેટલી તેમણે કરાવી હતી. સાત દિવસનું અનશન કરીને તેઓ કાળધર્મ પામ્યા હતા.

તેમના પટ્ટધર પૂર્વાવસ્થામાં લાટદેશના નાણાપ્રધાન એવા શ્રીચંદ્રસૂરિજી થયાં. તે સિવાય વિજયસિંહસૂરિ, વિબુધચંદ્રસૂરિ, પંડિત અભયકુમાર, પંડિત ધનદેવ, જિનભદ્ર ગણિ, લક્ષ્મણ ગણિ જેવો બહોળો શિષ્ય-પ્રશિષ્ય પરિવાર તેમને હતો.

મલધારી શ્રીચંદ્રસૂરિજી મહારાજે પ્રાકૃતભાષામાં શ્રીમુનિસુવ્રતસ્વામી ભગવાનની જીવનગાથા વર્ણવતી 'મુણિસુવ્વયચરિયં' નામની અદ્‌ભુત રચના કરી છે. આ ચરિત્રના આધારે સાહેબજીએ 'સમરું પલ પલ સુવ્રત નામ' એવા નામથી રસાળ નવલકથા લખી છે. મલધારી ગચ્છ સાથે આમ સાહેબજીનો ઘનિષ્ઠ સંબંધ છે. મલધારી હેમચંદ્રસૂરિજી મહારાજે સ્વહસ્તે લખેલી જીવસમાસવૃત્તિની તાડપત્ર પ્રતિના આધારે એનું સંપાદન કરીને સાહેબજીએ પ્રગટ કરેલી છે. એમના શિષ્ય શ્રીચંદ્રસૂરિજીના મુણિસુવ્વયચરિયં અંગે તો હમણાં જ વાત કરી. એમની પરંપરાના શ્રીનરચંદ્રસૂરિજી મહારાજે રચેલા 'પ્રાકૃતપ્રબોધ' નામના વ્યાકરણ-ગ્રંથનું સંપાદન પણ સાહેબજીના જ માર્ગદર્શન હેઠળ અમારા સમુદાયના સાધ્વીજી મહારાજે કર્યું છે.

મલધારી શ્રીચંદ્રસૂરિજી મહારાજની પરંપરામાં મુનિચંદ્રસૂરિ મહારાજ અને તેમના શિષ્ય રાણા વીરધવલના પ્રતિબોધક દેવપ્રભસૂરિ થયા. અને તેમના પટ્ટધર એટલે વસ્તુપાલના ગુરુભગવંત મલધારી નરચંદ્રસૂરિજી મહારાજ.

મહાપવિત્ર પુરુષ. 'જ્ઞાનમૂર્તિ' એ એમની ઓળખાણ. સરસ્વતી એમના પર પ્રસન્ન હતી. પ્રાકૃતપ્રબોધ, જ્યોતિષસાર, અનર્ઘરાઘવટિપ્પણ, ન્યાયકંદલીવૃત્તિ જેવા ગ્રંથો એમણે રચ્યા છે. એમને વાક્સિદ્ધિ પણ વરેલી હતી. સં. ૧૨૮૭ માં એમના કાળધર્મના દિવસ ભાદરવા વદ દસમે જ એમણે "સં. ૧૨૯૮ માં તમારું મૃત્યુ થશે" એમ વસ્તુપાલને કહી દીધેલું.

આ મહાપુરુષ કેટલી ઉદાર દૃષ્ટિ ધરાવતા હશે, એમનું હૈયું કેટલું વિશાળ હશે, 'આ મારું અને આ પારકું' એવી મમતાને એમણે કઈ હદે જાકારો આપી દીધો હશે તે જાણવા માટે એક જ પ્રસંગ પર્યાપ્ત છે.

વસ્તુપાલને એક વાર સંઘ કાઢવાની ભાવના થઈ. મંત્રીશ્વર ગયા નરચંદ્રસૂરિ મહારાજ પાસે. જઈને પહેલાં તો માથે હાથ મૂકાવીને આચાર્યશ્રીના આશીર્વાદ લીધા. અને પછી કંઈ પણ વાત કર્યા વગર સીધું જ મહારાજ સાહેબને પૂછ્યું -

"ભગવંત ! મારી ઈચ્છા પૂરી થશે ?"

આચાર્ય ભગવંતે ત્યાં ને ત્યાં જવાબ વાળ્યો. જવાબમાં એમની યોગસિદ્ધિનાં દર્શન થતાં હતાં -

"મંત્રીશ્વર ! સંઘયાત્રાની ભાવના થઈ છે ને ! તમારી ભાવના અવશ્ય પૂરી થશે." આચાર્યે અંતરની આશિષ દીધી. વસ્તુપાલ ખુશીથી ઝૂમી ઊઠ્યા. બોલ્યા -

“સાહેબ! વિનંતિ સ્વીકારો. આપની નિશ્રામાં સંઘ પ્રયાણ કરશે.”

“વસ્તુપાલ! અમે તમારા માતૃપક્ષે ગુરુ છીએ. તમારા કુલગુરુ તો વિજયસેનસૂરિ છે. ઉદયપ્રભસૂરિ જેવા સમર્થ શિષ્યો એમની પાસે છે. એમને પધરાવો. સંઘ એમની નિશ્રામાં નીકળે એમાં જ ઔચિત્ય છે.”

“પણ અમે પ્રતિક્રમણનાં સૂત્રો તમારી પાસે ભણ્યા. કર્મગ્રંથો તમારી પાસે શીખ્યા. વ્યાકરણ-સાહિત્ય અમને તમે શીખવાડ્યું. તો તમે અમારા ગુરુ ન ગણાઓ ?”

“મંત્રીશ્વર! શ્રાવક ભણવા ઈચ્છતો હોય અને યોગ્ય લાગે તો ભણાવવાની અમારી ફરજ છે. તમને ભણાવીને અમે કોઈ વશેકાઈ નથી કરી.”

“પણ સાહેબ! અમે શ્રીવિજયસેનસૂરિજી મહારાજની જેમ આપને પણ અમારા ગુરુ ગણીએ છીએ, તો પછી આપની નિશ્રામાં સંઘ કાઢીએ તો શો વાંધો ?”

“ન બોલાય મંત્રીશ્વર! એમ ન કહેવાય. लोभपिशाच-प्रवेशप्रसङ्गात्. આ રીતે તો લોભ માથે ચડી બેસે. સાધુથી આવી અનુચિત પ્રવૃત્તિ કરાય જ નહિ. ભલે સંઘ થોડો મોડો નીકળે, પણ વિજયસેનસૂરિ રાજસ્થાનમાં વિચરે છે. એમને બોલાવો અને એમની નિશ્રામાં સંઘયાત્રા કરો.”

“ભલે ગુરુદેવ! આપની ઈચ્છા મુજબ જ થશે. હું વિજયસેનસૂરિ ભગવંતને વિનંતિ કરીને પધરાવીશ. એ પણ સંઘમાં નિશ્રા પ્રદાન કરશે. પરંતુ સંઘપ્રયાણનો મુખ્ય વિધિ તો આપની નિશ્રામાં જ થશે.”

"વસ્તુપાલ! કુલની મર્યાદા ઓળંગાય નહિ. હું કોઈ દિવસ મારી મર્યાદા લોપું નહીં અને જો તમે મને ગુરુ ગણતા હો તો તમને મર્યાદા ઓળંગવા દઉં પણ નહીં. મર્યાદાનું ઉલ્લંઘન કરીને ગમે તેટલું સારું કામ કરો, એનો કોઈ અર્થ જ નથી હોતો. સંઘમાં મુખ્યતા વિજયસેનસૂરિની જ રહેશે. હું એમની સાથે જોડાઈશ."

કેવી નિરીહતા ! કેવી નિઃસ્પૃહતા ! મને ખબર છે કે એકાદી તકતી માટે લડી લેનારા અને એકાદા ઓચ્છવ માટે મરી પડનારા આપણને આ વાતો સ્વપ્ન જેવી જ લાગવાની. પણ એ હકીકત યાદ રાખજો કે માણસ મોટો થાય છે તે આડંબર કે અહંકારથી નહીં, પરિવાર કે પ્રતિષ્ઠાથી નહીં. માણસ મહાન બને છે એની અસીમ ઉદારતાથી, હૃદયના ગંભીર અને વિશાળ આશયથી, સ્વ-પર કલ્યાણની ઊંડી ખેવનાથી, બીજા માટે જતું કરવાની વૃત્તિથી. માણસ મહાન બને છે બધાનો સમાવેશ કરવાની એની તૈયારીથી.

"साहु वि लोउ तडप्फडइ वड्डुप्पणहो त्तणेण ।
वड्डुप्पणु पुण पावीयइ हत्थे मोक्कलडेण ॥"

"આખી દુનિયા મોટાઈ મેળવવા માટે વલખાં મારે છે - રીતસરની તરફડે છે. લાભશંકર પુરોહિતની ઉપમા વાપરીને કહું તો ખાડાટેકરાવાળા રસ્તે ચાલતી ગાડીના આગળના કાચ પાસે બાંધેલાં લીંબુ-મરચાં કેવાં ઉછળકૂદ મચાવતાં હોય છે ! એમ લોકો તરફડે છે - મોટાઈ મેળવવા. પણ મોટાઈ કંઈ એમ નથી મળી જતી. એ મળે છે હાથ મોકળા રાખવાથી, તમારી બથમાં બધાને સમાવવાથી, બધાંને ગળે લગાડીને ભેટવાથી, બધાંને પોતીકાં ગણવાથી."

આપણે બધાંને સમાવવા નથી માંગતાં, બધાંને ગળી જવા માંગીએ છીએ. સાગર નદીઓને પોતાનામાં સમાવે છે, આગ જે મળે એને ભરખી જાય છે. મહાન કોણ ગણાય ? જરા વિચારી જોજો.

મને યાદ આવે છે અમારા મોટા સાહેબ શ્રીવિજયસૂર્યોદય-સૂરિજી મહારાજ સાહેબ. અમે તગડી (ધંધુકા નજીક) હતા. થોડાક દિવસની સ્થિરતા હતી. પાસેના એક શહેરમાં મોટો દીક્ષામહોત્સવ હતો. ત્યાંના સંઘની ઈચ્છા હતી કે મોટા સાહેબ એ મહોત્સવમાં નિશ્રાપ્રદાન કરે. સંઘ તગડી વિનંતિ કરવા આવ્યો. જઈ શકાય એવી તમામ અનુકૂળતાઓ હોવા છતાં મોટા સાહેબે પ્રેમપૂર્વક આવી શકવાની અશક્યતા દર્શાવી. અને સંઘને વિદાય કર્યો.

અમને બધાને બહુ મન હતું કે મોટા સાહેબ હા પાડે. દીક્ષા જોવાની ઇચ્છા તો ખરી જ. પણ મુખ્ય ભાવના એ કે આટલી દીક્ષા જો મોટા સાહેબના હાથે થાય તો કેવું રૂડું ! અમે બધા ભેગા મળીને એમને ચોંટી જ પડ્યા. બહુ જીદ કરી ત્યારે એમણે સમજાવ્યું કે "જુઓ ભાઈ ! ત્યાં જે સાધુની પ્રેરણાથી આ મહોત્સવ થઈ રહ્યો છે એ સાધુ મારા કરતાં પર્યાયમાં નાના છે. હવે જો હું ત્યાં જઉં તો મહોત્સવ મારી નિશ્રામાં ગણાય, એની નહિ. અને તો આવા મહોત્સવ માટે થઈને જે જશ એને મળવો જોઇએ, તે મને મળે. અને મને એવી રીતે કોઈનું પડાવી લેવાનું ગમતું નથી." આ બોલતી વખતે મોટા સાહેબના ચહેરા પર સચ્ચાઈની જે આભા ઝળહળતી હતી તે આજે પણ મને બરાબર યાદ છે. ક્યાંક વાંચ્યું હતું - સંતોના ચહેરા પર આભા હોય છે અને સંતપણાના દાવેદારોના ચહેરા પર આભાસ.

અને જ્યાં આવી આશયની શુદ્ધિ હોય ત્યાં સંઘ કેવો નીકળે ? વસ્તુપાલનો એક એક સંઘ અનન્ય બની રહ્યો હતો. હજારો અને લાખો માણસ એ સંઘોમાં ઊભરાતું. એક કવિએ આ સંઘની જાહોજલાલીની વાત બહુ જ ચમત્કારિક રીતે વર્ણવી છે. ક્ષીરસમુદ્રમાં શેષનાગની શય્યા પર વિષ્ણુ પોઢ્યા છે. પાસે લક્ષ્મીજી બિરાજમાન છે. લક્ષ્મી, સ્વયં સમુદ્રની પુત્રી, પણ આજે એમનું મોઢું પડેલું છે. અને વિષ્ણુ પૂછે છે -

"लक्ष्मि! प्रेयसि! केयमास्यशितिता ? वैकुण्ठ! कुण्ठोऽसि किं ?
नो जानासि पितुर्विनाशमसमं सङ्घोत्थितैः पांशुभिः ।
मा भीर्भीरु! गभीर एष भविताऽम्भोधिश्चिरं नन्दतात्,
सङ्घेशो ललितापतिर्जिनपतेः स्नात्राम्बुकुल्यां सृजन् ॥"

"હે લક્ષ્મિ! હે પ્રિયે! આજે કેમ ઉદાસ-ઉદાસ છે ? શું થયું ?"

"વૈકુંઠ! તમારી તો બુદ્ધિ જ કુંઠિત થઈ ગઈ લાગે છે. આ જોતાં નથી ? તમારી નજર સામે આ મારા બાપ સમુદ્રનો વિનાશ થઈ રહ્યો છે. આ વસ્તુપાલના સંઘના લાખો યાત્રીઓના ચાલવાને લીધે ઊડેલી ધૂળથી આ સાગર ભરાઈ રહ્યો છે. (સાગર ભરી શકે એટલી ધૂળ ઊડાડવા માટે કેટલા યાત્રિકો જોઈએ !)"

વિષ્ણુ હસી પડ્યા અને બોલ્યા -

"અરે ડરપોક! ડર નહીં. આ સંઘને શત્રુંજય પહોંચવા દે અને દાદા આદિનાથના દરબારમાં જવા દે. પછી જો કેવો ચમત્કાર સર્જાય છે ! સંઘપતિ વસ્તુપાલ અને આ લાખો યાત્રિકો ભગવાનનો અદ્ભુત સ્નાત્રમહોત્સવ કરશે, ભગવાનના મસ્તકે અભિષેકની ધારાઓ વરસાવશે અને એ અનર્ગળ જળ નદીઓ

બનીને વહી નીકળશે, સમુદ્રમાં આવી ભળશે અને સમુદ્ર ચોતરફથી છલકાઈ ઊઠશે !"

કેવા ભવ્ય હશે એ સંઘો ! એની ઝાંખી આવાં વર્ણનો પરથી મળી શકે છે.

મંત્રીશ્વર વસ્તુપાલ સાથે જોડાયેલા અન્ય કેટલાક આચાર્ય ભગવંતો વિશે વાત કરું. ખંભાત પાસે વટકૂપ (-વટવા) કરીને નાનકડું ગામ છે. ત્યાં રાજગચ્છના સાગરચંદ્રસૂરિના શિષ્ય માણિક્યચંદ્રસૂરિ કરીને એક આચાર્ય ભગવંત રહે. અનેક શાસ્ત્રોમાં પારંગત એક વિદ્વાન પુરુષ. કાવ્યપ્રકાશ એ મમ્મટાચાર્યનો જાણીતો ગ્રંથ છે. આ ગ્રંથ પઠન-પાઠનમાં એટલો પ્રચલિત હતો કે એના પર કદાચ સો કરતાંયે વધારે ટીકાઓ રચાઈ હશે. આ ગ્રંથ પર અખિલ ભારતવર્ષમાં સૌથી પહેલી પ્રમાણભૂત ટીકા રચવાનું બહુમાન આ માણિક્યચંદ્રસૂરિજી મહારાજના ફાળે જાય છે. એમણે કાવ્યપ્રકાશ પર 'સંકેત' નામની વૃત્તિ રચી છે. આ ઉપરાંત એમના પાર્શ્વનાથચરિત્ર, શાંતિનાથચરિત્ર જેવા ગ્રંથો પણ ઉપલબ્ધ છે.

આ આચાર્ય ભગવંતને ગ્રંથસર્જનમાં અને સ્વાધ્યાયમાં એટલો રસ કે પોતાને ઉપયોગી ગ્રંથોનો એક ભંડાર લઈને એ વટવા જેવા નાના ગામમાં જ એમણે સ્થિરવાસ સ્વીકાર્યો હતો. ક્યાંય પ્રાયઃ આવે-જાય નહીં. એટલે લોકો માટે આ વિભૂતિ અજાણી જ રહી ગઈ હતી.

મંત્રીશ્વર વસ્તુપાલ એ વખતે ખંભાતમાં. એમણે થાય કે આવા વિદ્વાન ભગવંત જો ખંભાત પધારે તો લોકોને પણ જાણ થાય કે આ શાસનમાં કેવી કેવી વિભૂતિઓ છે ! પણ આચાર્ય મહારાજને બોલાવવા હોય તો કંઈ એમ ને એમ તો બોલાવાય

નહીં. એટલે એમણે એક મહોત્સવ ગોઠવ્યો અને આચાર્ય મહારાજને એમાં નિશ્રા આપવા કહેણ મોકલ્યું. હવે આચાર્ય મહારાજને તો પોતે ભલા અને પોતાના ગ્રંથો ભલા ! બીજા કશાની પડેલી નહિ. એમણે તો ના પાડી દીધી. આવું બે-ત્રણ વખત બન્યું એટલે છેવટે વસ્તુપાલને થયું કે આમને આમ તો એ આચાર્ય ભગવંત નહીં જ પધારે. એટલે એમણે પોતાના માણસોને મોકલીને છૂપી રીતે આચાર્યશ્રીનો જ્ઞાનભંડાર આખેઆખો ચોરાવી લીધો અને પોતાની પાસે મંગાવી લીધો ! અને જ્ઞાનભંડારની શોધમાં વ્યગ્ર આચાર્યને અઠવાડિયામાં સંદેશો મોકલ્યો કે તમારો જ્ઞાનભંડાર ચોરનારા પકડાઈ ગયા છે અને જ્ઞાનભંડાર પણ સહીસલામત પાછો મળી ગયો છે. ખંભાત પધારો અને આવીને લઈ જાઓ !

હવે તો માણિક્યચંદ્રસૂરિજી મહારાજને ખંભાત પધારવા સિવાય છૂટકો જ ન રહ્યો. એ સમજી તો ગયા હતા આખું કારસ્તાન. પણ મોટા માણસ હતા. વસ્તુપાલની ભાવના સમજી અને ગળી ગયા બધું.

"પી જાણે હાલાહલો હોઠથી જે
હૈયે તેણે અમૃતો છે પીવાનાં"

આચાર્ય ભગવંતનો સ્વયં મંત્રીશ્વર વસ્તુપાલે પ્રવેશ-મહોત્સવ કર્યો - પૂરા ઠાઠમાઠથી. એમનાં વ્યાખ્યાનોથી લોકો ડોલી ઊઠ્યા. આપણા શાસનમાં આવા ભગવંતો વિદ્યમાન છે એમ વિચારીને લોકો ગૌરવ અનુભવવા માંડ્યા. વસ્તુપાલની ભાવના સફળ થઈ. એક દિવસ એ ગયા આચાર્યશ્રી પાસે અને સહેજ રમતિયાળ સૂરમાં પૂછ્યું -

"કેમ આવવું પડ્યું ને ?"

આચાર્યશ્રી વાક્ચતુર હતા, તેમણે તરત જવાબ વાળ્યો - "અરે મંત્રીશ્વર! હું તો આવવાનો જ હતો. તમે સરસ્વતીપુત્ર ગણાવો અને અમે સરસ્વતીકંઠાભરણ. માનું ઘરેણું ક્યારેક બાળકને પણ ચઢે જ ને !"

"તો આટલા દિવસ કેમ ન આવ્યા ?"

"એ તો મારે જરા દેવલોકમાં જવાનું થયું હતું અને એમાં આવતાં મોડું થયું."

મંત્રીશ્વર ચકિત થઈ ગયા -

"દેવલોકમાં ! ત્યાં શું જોયું ?"

"વસ્તુપાલ! હું તો ત્યાં સુધર્મસભામાં ઇન્દ્ર પાસે બેઠો હતો. અમારી સાહિત્યગોષ્ઠી ચાલતી હતી. અને ત્યાં અચાનક એક દેવ દોડતો દોડતો આવ્યો અને પછી જે બન્યું છે !

"देव! स्वर्नाथ! कष्टं, ननु क इह भवान् ? नन्दनोद्यानपालः,
खेदस्तत् कोऽद्य ? केनाऽप्यहह हृत इतः काननात् कल्पवृक्षः ।
हुं मा वादीः, किमेतत् ? किमपि करुणया मानवानां मयैव,
प्रीत्याऽऽदिष्टोऽयमुर्व्यास्तिलकयति तलं वस्तुपालच्छलेन ॥"

ઇન્દ્ર અને એ દેવ વચ્ચે જે સંવાદ થયો તે તમને કહું -

"અરે સ્વર્ગપતિ મહારાજ ! મોટું કષ્ટ આવી પડ્યું છે !"

"પણ તું છે કોણ એ તો કહે !"

"હું, આપના નંદનવનનો રખેવાળ !"

"પણ આટલો ઉશ્કેરાયેલો કેમ છે ?"

"આપણા નંદનવનમાંથી કોઈકે એક કલ્પવૃક્ષ ચોરી લીધું છે."

ઈન્દ્રે મંદ મંદ સ્મિત કરતાં કહ્યું - "ભાઈ ! ખેદ ના કર. મારે તને કહેવાનું રહી ગયું. મને આ પૃથ્વીલોકના મનુષ્યોનાં દુઃખ જોઈને કરુણા જાગી, એટલે મેં એક કલ્પવૃક્ષને ત્યાં મોકલી આપ્યું છે."

"પણ એ છે ક્યાં ?"

"અરે ! બરાબર જો તો ખરો. આ આખી દુનિયાનાં વાંછિત પૂરાં પાડનાર વસ્તુપાલ છે ને, એ જ આપણા કલ્પવૃક્ષનો માનવ-અવતાર છે !"

માણિક્યચંદ્રસૂરિજી પાસે આ વાત સાંભળીને વસ્તુપાલ હસી પડ્યા. એમણે આચાર્યશ્રીની માફી માંગી. અને એમનો ભંડાર તો પાછો આપ્યો જ. પણ સાથે ને સાથે પોતાના અંગત જ્ઞાનભંડારમાંથી પણ બધા ગ્રંથોની એક એક નકલ કાઢીને સમર્પિત કરી.

વસ્તુપાલને જેમના માટે આદરભાવ હતો તેવા અન્ય એક આચાર્ય હતા બાલચંદ્રસૂરિ મહારાજ. ચંદ્રગચ્છના આચાર્ય હરિભદ્રસૂરિના તેઓ શિષ્ય. ચૌલુક્યવંશના રાજગુરુ પદ્માદિત્ય તેમના અધ્યાપક હતા. વાદી દેવસૂરિની પરંપરામાં થયેલા આચાર્ય ઉદયપ્રભસૂરિજી પાસેથી તેમને સારસ્વત મંત્ર મળ્યો હતો. આ મંત્રના જાપની અખંડ સાધનાથી તેમણે સરસ્વતીને પ્રસન્ન કરીને 'કવીન્દ્ર' થવાનું વરદાન પ્રાપ્ત કર્યું હતું. તેમણે વસ્તુપાલનાં પરાક્રમો અને જીવનમાં આચરેલાં સત્કૃત્યોનું વર્ણન કરતું એક પ્રશંસનીય મહાકાવ્ય 'વસંતવિલાસ' રચ્યું હતું. કરુણાવજ્રાયુધ નામનું એક સરસ નાટક પણ તેમણે રચ્યું છે.

વિવેકમંજરી અને ઉપદેશકંદલી ગ્રંથો પર એમણે વૃત્તિ પણ લખી છે. વસ્તુપાલને ઉદ્દેશીને એક શ્લેષયુક્ત સ્તુતિકાવ્ય તેમણે કહ્યું હતું. જેને લીધે વસ્તુપાલે પ્રસન્ન થઈને એમની આચાર્યપદવીનો મહોત્સવ ઉજવ્યો હતો.

આ ઉપરાંત વાયડગચ્છીય સિદ્ધસારસ્વત અમરચન્દ્રસૂરિ, વસ્તુપાલની વિનંતિથી અલંકારમહોદધિ નામે ગ્રંથ રચનાર નરેન્દ્રપ્રભસૂરિ, અદ્‌ભુત ઐતિહાસિક નાટક હમ્મીરમદમર્દનના કર્તા જયસિંહસૂરિ, મલ્લવાદીસૂરિ, રાસિલ્લસૂરિ, બાલહંસસૂરિ વગેરે અનેક આચાર્યો-મુનિરાજોનો વસ્તુપાલના ઘડતરમાં, એમણે જોયેલા સ્વપ્નની સિદ્ધિમાં મહત્ત્વપૂર્ણ ફાળો છે. એ જ રીતે વસ્તુપાલે પણ અનેક આચાર્યો-મુનિવરોને એમની સાધના-આરાધનામાં અનુપમ સહાય કરી છે. તપગચ્છપતિ શ્રીજગચ્ચન્દ્રસૂરિજી મહારાજના પરમ સંવેગથી આકર્ષાઈને, વસ્તુપાલે કરેલી એમની ભક્તિ પણ ગુજરાતમાં તપગચ્છનું પ્રાધાન્ય થયું એમાં કારણભૂત બની. પણ આવી વાતો અનેક છે અને આપણી પાસે સમય થોડો જ છે તેથી છેલ્લી વર્ધમાનસૂરિજીની વાત કરું.

વર્ધમાનસૂરિ મહારાજ સુવિહિત પરંપરાના વાહક હતા. વસ્તુપાલ પર એમનો અખંડ પ્રીતિભાવ હતો. અને કોને ન હોય ? વસ્તુપાલે આખી જિંદગી સાધુમાત્રને પોતાનાં સ્વજન ગણીને સાચવ્યા હતા. સાધુ માટે, જૈનધર્મ માટે તેઓ પોતાના સર્વસ્વને પણ હોડમાં મૂકતાં અચકાયા નહોતા. એમની વૃદ્ધાવસ્થામાં બનેલો એક પ્રસંગ બહુ જાણીતો છે.

રાણા વીસલદેવના મામા સિંહ જેઠવા કોઈક ઉપાશ્રય આગળથી પસાર થઈ રહ્યા હશે. ત્યાં જોગાનુજોગ ઉપાશ્રયના

ઉપલા માળેથી કોઈક સાધુ ભગવંતે પડિલેહણ કરીને કાજો ભેગો કરેલો તે પરઠવ્યો અને તે અનવધાનવશ સિંહ જેઠવાના માથે પડ્યો. ગુજરાતમાં મંત્રીયુગલનું અને એ રીતે જૈનોનું જોર વધ્યું એ સામે ઘણાને વાંધો હતો અને એ વાંધો લેનારા મુખ્ય માણસોમાં એક સિંહ જેઠવા પણ હતો. આ ઘટનાને લીધે તેના રોષને બહાર નીકળવાની તક મળી. તે સીધો દાદર ચડીને ઉપર ગયો અને કાજો પરઠવનાર સાધુને તેણે માર્યા. સાધુ કંઈક ખુલાસો કરવા જતા હતા, પણ સિંહ જેઠવા એ સાંભળવા જ નહોતો માગતો. આખી ઘટના થોડી જ વારમાં આખા નગરમાં પ્રસરી ગઈ. સમાજ અને વિશેષતઃ જૈન સંઘ નારાજ તો ઘણો થયો. પણ વાણિયા બિચારા શું કરે ? એમાંય આ તો રાજાનો મામો. એની સામે તો બોલાય જ કેવી રીતે ?

તમે હો તો શું કરો ? સાહેબ ! રેલી કાઢીશું, ફરી આવું ન થાય એને માટે આવેદનપત્ર આપીશું. બસ.... પતી ગયું ! આ તમારી બીકણ વૃત્તિ અને કાયરતાએ જૈન ધર્મને જે નુકસાન પહોંચાડ્યું છે, એટલું તો વિધર્મીઓએ પણ નથી કર્યું. કોઈપણ સમાજ માટે દુર્જનોની સક્રિયતા કરતાં સજ્જનોની નિષ્ક્રિયતા વધારે ભયજનક હોય છે. યાદ કરો ધર્મદાસ ગણિના આ લલકારને -

"साहूण चेइयाण य पडिणीयं तह अवण्णवायं च ।
जिणपवयणस्स अहियं सव्वत्थामेण वारेइ ॥"

"જિનેશ્વર દેવના સાધુને કે ચૈત્યને નુકસાન થતું હોય કે એમની નિંદા થતી હોય કે પછી જિનશાસનને કોઈ પણ રીતે હાનિ થતી હોય તો શ્રાવક સર્વસ્વના ભોગે પણ એનું નિવારણ કરે."

ક્યાં છે આજે આવા શ્રાવકો ?

વસ્તુપાલ ઘરે જમવા આવ્યા છે. પહેલો કોળિયો લઈને મોંમાં મૂકવા જાય છે ત્યાં વાત સાંભળી. વસ્તુપાલે કોળિયો પાછો મૂકી દીધો અને થાળી હડસેલી દીધી. હાથમાં તલવાર લઈને બહાર ડેલીમાં આવ્યા. બૂમ પાડી - "કોણ છે ?" એક સાથે અનેક અવાજ આવ્યા - "સાહેબ ! અમે હાજર છીએ". "સિંહ જેઠવાનો હાથ કાપી લાવવાનો છે. કોણ જશે ?" "માલિક! આજ્ઞા કરો." વસ્તુપાલે ભુવનપાલ નામના અંગરક્ષકને આજ્ઞા આપી. પણ સાથે જ પૂછ્યું "ડરતો નથી ને ? જીવનું જોખમ છે." "માલિક ! ખાધેલું લૂણ હલાલ કરવાનો ઘણા દિવસે અવસર આવ્યો છે. જવા દો મને. અને મને વળી ડર શેનો ? આ માથું તો ક્યારનુંય તમને સોંપી દીધું છે. કહો તો અબઘડી ઉતારી દઉં." ગયો ભુવનપાલ અને બધાની નજર સામે મામાનો હાથ કાપીને પાછો આવ્યો. મંત્રીશ્વરે એ હાથ ડેલીના તોરણે લટકાવ્યો જેથી આવતા-જતા લોકો એને જોઈ શકે. અને પોતે શસ્ત્રસજ્જ થઈને પોતાના મુઠ્ઠીભર સુભટો સાથે યુદ્ધ ખેલવા તૈયાર થયા. આ બાજુ જેઠવાઓનું લશ્કર બહુ મોટું હતું. એ લોકોએ મામાની આગેવાની હેઠળ વસ્તુપાલની હવેલી પર હલ્લો બોલાવ્યો અને એને ઘેરી લીધી.

આવા વખતે વસ્તુપાલની પડખે તો કોણ ઊભું રહે ? શર્ટન કોલિન્સે કહ્યું છે - "સંપત્તિમાં મિત્રો તમને ઓળખતા થાય છે અને વિપત્તિમાં તમે એમને ઓળખો છો." બધા મોં ફેરવી ગયા ! રાજાનો ખોફ કોણ વ્હોરે ? પણ એક હતા રાજપુરોહિત ભટ્ટ સોમેશ્વર. વસ્તુપાલને મંત્રી બનાવનાર એ હતા. સામા પક્ષે વસ્તુપાલના પણ એમની પર ઘણા ઉપકાર હતા. એમને એ ઉપકારો સાંભર્યા અને મૈત્રીના દાવે આવીને ઊભા રહ્યા.

"વસ્તુપાલ! આ શું કર્યું ? થોડી ધીરજ તો ધરવી હતી. કાયદો કેમ હાથમાં લીધો ?"

"ભટ્ટ સોમેશ્વર! કાયદાનો ભંગ તો જેઠવાએ કર્યો છે. સાધુની ભૂલ હતી તો જઈને એના ગુરુને કહેવું હતું. ગુરુ એને સજા કરત. પોતે મારવાની શી જરૂર ? રાજસત્તા કરતાં ધર્મસત્તા હંમેશા મોટી હોય છે. અને ધર્મની બાબતમાં દખલગીરી કરવાનો કોઈને હક નથી. પછી એ રાજાનો મામો હોય કે રાજા પોતે હોય."

"પણ આમને આમ તો આ મોત સામે ઊભું છે."

"ભલે ! અનંતા ભવોથી મરતાં જ આવ્યા છીએ ને ! ધર્મના નામે મરવું શું ખોટું ? એક મરણ આ રીતેય થવા દો !"

પુરોહિતે જોયું કે મંત્રી મરણિયા બન્યા છે. ગયા સીધા રાજા વીસલદેવ પાસે.

"રાજન્! કંઈક કરો. લશ્કરને અટકાવો."

"મંત્રીએ ભૂલ કરી છે તો એણે ભોગવવી પડશે."

"પણ આવા લાખેણા માણસને આમ મરવા ન દેવાય. રાજન્! કંઈક સમજો. આ માણસના હાથે રાજ્યનું કેટલું હિત થયું છે તે કેમ ભૂલી જાઓ છો ?"

"તો પછી એને કહો કે માફી માંગે."

"મંત્રીશ્વર માફી નહીં માંગે. એણે કોઈ ભૂલ કરી જ નથી. એક વાત પૂછું ? તમારા દીકરાને કોઈ મારવા લે તો તમે એને શું કરો ? મંત્રી માટે તો સાધુ પેટના દીકરાથીયે વધીને છે."

આખરે રાજા સમજ્યો, અને જેઠવાઓને એણે અટકાવ્યા. મંત્રી સાથે સુલેહ થઈ. અને મામાએ સાધુ મહાત્માની પણ માફી માંગી. આ હતા મંત્રીશ્વર! અને આવા મંત્રીશ્વર માટે વર્ધમાનસૂરિને અપાર પ્રેમ.

સં. ૧૨૯૮નું વર્ષ છે. મંત્રી શત્રુંજયનો સંઘ લઈને નીકળ્યા છે. તબિયત બગડતી જાય છે, મૃત્યુ પાસે છે એની ખબર છે, પણ એવો ડર શેનો ? મંત્રી તો જીવન-મરણ બંનેથી પર થઈ ચૂક્યા છે. જે થાય એનો સહજ સ્વીકાર તે તેમનો જીવનમંત્ર અને નિયતિના ધોરણે પોતાના ફાળે આવતા કર્તવ્યનું પ્રતિપાલન તે એમનું જીવનકૃત્ય બની ચૂક્યાં છે.

સંઘ પડાવ નાંખતો નાંખતો, દડમજલ કરતો શત્રુંજય તરફ આગળ વધી રહ્યો છે. લીંબડી પાસે અંકેવાળિયા ગામે સંઘ પહોંચ્યો અને મંત્રીશ્વરની અવસ્થા કથળી. સેવકોએ શય્યા પર સૂવાડ્યા. સેંકડો મુનિવરો - શ્રમણીઓ, હજારો શ્રાવક - શ્રાવિકાઓ, ચતુર્વિધ શ્રીસંઘ ત્યાં ભેળો થયો છે. મંત્રીશ્વર ચાર શરણાં અંગીકાર કરે છે. પચ્ચક્ખાણ કરે છે, સુકૃતની અનુમોદના અને દુષ્કૃતની ગર્હા કરે છે. સંઘ અંતિમ આરાધના કરાવી રહ્યો છે. એમનાં અનુપમ સત્કૃત્યોની અનુમોદના કરી રહ્યો છે અને વસ્તુપાલ બોલી ઊઠે છે -

"न कृतं सुकृतं किञ्चित् सतां संस्मरणोचितम् ।
मनोरथैकसाराणामेवमेव गतं वयः ॥"

"સત્પુરુષોને યાદ આવે એવું એક પણ સત્કૃત્ય મેં કર્યું નહિ. બસ ખાલી 'આમ કરીશ, આમ કરીશ' એવા મનોરથોમાં જ જીંદગી વહી ગઈ !"

કેટલી લઘુતા ! કેટલી નમ્રતા !

ચહેરા પર પ્રસન્નતા વિલસી રહી છે, આંખોમાં જીવમાત્ર પ્રત્યેની મૈત્રીની ધારા વહી રહી છે, મોંમાં નવકાર છે, હૈયામાં દેવગુરુનું સ્મરણ છે. કોઈ અસ્વસ્થતા નથી ! કશો ઉચાટ નથી ! બસ શેષ રહી છે એક દિવ્ય મધુરતા ! સુરેશ દલાલની પંક્તિઓ યાદ આવે -

"રે ! મૃત્યુ પણ એવું હજો !

એવું મધુર !

કે આયખાની જે બધી વીતી ક્ષણો,

સૌ સામટી બોલી ઊઠે,

આ આપણો કેવો અભાગી સંઘ !

છેલ્લી ઘડી થૈ ના શક્યા -

કેવી કસૂર ?"

વસ્તુપાલને અંતિમ ઇચ્છા પૂછવામાં આવી. જવાબમાં અમર શબ્દો સર્યા -

"शास्त्राभ्यासो जिनपदनतिः सङ्गतिः सर्वदार्यैः,
सद्वृत्तानां गुणगणकथा दोषवादे च मौनम् ।
सर्वस्याऽपि प्रियहितवचो भावना चाऽऽत्मतत्त्वे,
संपद्यन्तां मम भवभवे यावदाप्तोऽपवर्गः ॥

"૧.શ્રુતજ્ઞાનનો અભ્યાસ, ૨. જિનેશ્વરનાં ચરણોની સેવા, ૩. આર્યપુરુષોની સંગતિ, ૪. સજ્જનોના ગુણોની અનુમોદના, ૫. નિંદાનો ત્યાગ, ૬. બધાંને પ્રિય અને હિતકર વચન, ૭. આત્મસ્વરૂપમાં રમણતા - આ સાત વાનાં મને મુક્તિ ના મળે ત્યાં સુધી ભવે ભવે મળજો, એવી દેવગુરુધર્મની કરુણા વરસજો."

આવી ઉદાત્ત ભાવનામાં રમમાણ મૈત્રીશ્વરનું પરલોકના પંથે પ્રયાણ થયું. ઉપસ્થિત સૌ એમના મંગલ મૃત્યુને અભિનંદી રહ્યા. શ્રદ્ધાવનત હૈયે સૌએ એમને અંજલિ સમર્પી.

શ્રીવર્ધમાનસૂરિજી મહારાજને આ સમાચાર મળ્યા. એમને કારમો આઘાત લાગ્યો. જૈનશાસનમાં ન પૂરી શકાય એવી ખોટ પડી હોવાનું એમને અનુભવાયું. શોકાર્દ્ર હૈયે એમણે વર્ધમાન તપ આરંભ્યો - આયંબિલની આરાધના શરૂ કરી. વર્ષો વીતતાં ગયાં અને અખંડ વર્ધમાન તપ પણ આગળ વધતો રહ્યો. ૧૪ વર્ષે એ પૂરો થવા છતાં આચાર્યશ્રીએ આયંબિલ ચાલુ જ રાખ્યા.

એક વખત આચાર્યશ્રી છ'રી પાલિત સંઘ સાથે આબુ-દેલવાડાની યાત્રાએ પધાર્યા છે. ઉંમર થઈ છે, કાયા ક્ષીણ થતી જાય છે, તબિયત જોઈએ તેવો સાથ આપતી નથી. સંઘે ખૂબ વિનવણી કરી - "સાહેબ ! હવે તો પારણું કરો." આખરે આચાર્ય ભગવંતે એમની વિનંતિ સ્વીકારી અને કહ્યું કે "મને શંખેશ્વર પાર્શ્વનાથ પર અત્યંત આસ્થા છે, તેથી તેમનાં દર્શન કરીને પછી પારણું કરીશ". અને તેમણે શંખેશ્વરની યાત્રા પ્રારંભી. પણ આબુથી શંખેશ્વર નજીક થોડું છે ? એમાંય આચાર્યશ્રીની વૃદ્ધાવસ્થા. ધીમે ધીમે ચાલતા જાય છે અને શંખેશ્વર તીર્થ નજીક આવતું જાય છે. પણ એક દિવસ રસ્તામાં એક ઝાડ નીચે અચાનક તેઓ બેસી ગયા. તબિયતમાં અચાનક ફેરફાર અનુભવાયો. આચાર્યશ્રી સમજી ગયા કે અવસ્થા પહોંચી. એમણે અંતિમ આરાધના આદરી અને શંખેશ્વર પાર્શ્વનાથના ધ્યાનમાં જ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.

કાળ કરીને તેઓ વ્યંતરનિકાયના શંખેશ્વરતીર્થના અધિષ્ઠાયક દેવ થયા. આજે શંખેશ્વર પાર્શ્વનાથનો આપણે ત્યાં આટલો મહિમા છે તેમાં આ દેવની ભક્તિ પણ કારણરૂપ છે.

એક વાર આ દેવને વસ્તુપાલ-અનુપમા વગેરેની ગતિ જાણવાનું મન થયું. તેમણે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂક્યો, પણ શક્તિ ઓછી હોવાથી જાણી શકાયું નહિ. તેથી અન્ય દેવની મદદ લઈને તેઓ મહાવિદેહ ક્ષેત્રમાં વિહરમાન શ્રીસીમંધર-સ્વામી પાસે ગયા અને તેમને પોતાનો પ્રશ્ન પૂછ્યો. ભગવાને ત્યાં સમવસરણમાં બિરાજમાન એક સાધ્વીજીને દેખાડીને કહ્યું કે આ જ પૂર્વભવનાં અનુપમાદેવી છે. આ ભવમાં આ ક્ષેત્રમાં એક ધનાઢ્ય શ્રેષ્ઠીને ત્યાં જન્મ લઈને એમણે બાળપણમાં જ મારી પાસે પ્રવ્રજ્યા સ્વીકારી છે અને આરાધના કરીને કાળક્રમે આ જ ભવમાં મોક્ષે જશે.

વસ્તુપાલ મંત્રીશ્વર મહાવિદેહ ક્ષેત્રમાં પુષ્કલાવતી વિજયમાં જ પુંડરિકિણી નગરીમાં સીમંધરસ્વામીના જ વંશમાં કુરુચંદ્ર નામના રાજપુત્ર તરીકે જન્મ્યા છે અને અનુક્રમે રાજ્ય કરી, દીક્ષા લઈને મોક્ષે જશે એમ સ્વયં સીમંધરસ્વામીએ તે દેવને કહ્યું. તેજપાલ અને વસ્તુપાલનાં પત્ની લલિતાદેવી પણ એ જ રીતે મહાવિદેહમાં અલગ-અલગ સ્થાને જન્મ્યાં છે અને આત્મકલ્યાણ સાધવાનાં છે એ વાત પણ ભગવાન પાસેથી તે દેવને જાણવા મળી. કેવા ઉત્તમ જીવો ! કેવી ઉત્કૃષ્ટ એમની આત્મપરિણતિ !

તો આવા પુણ્યવંત મહાત્માઓના જીવન વિશે, એમનાં સત્કૃત્યો વિશે, એમની મહત્તા વિશે આવડી અને થઈ શકી તેવી થોડીક વાતો કરી. ખાસ તો વસ્તુપાલને 'પુણ્યશ્લોક'

બનાવવામાં જે ભગવંતોનો મુખ્ય ફાળો છે તેમના અંગે જ વાત કરવાનો ઉપક્રમ હોવાથી વસ્તુપાલ સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંકળાયેલી અઢળક વાતો કહેવાની લાલચને પરાણે રોકી છે. પણ એ વાતો અત્યંત મનનીય છે, વારંવાર પારાયણ કરવા જેવી છે. એ અવશ્ય વાંચજો અને એમાંથી પ્રેરણા લઈને જીવનમાં યથાશક્તિ આદરવાનો પ્રયત્ન કરજો એ જ મંગલકામના.

# ઉપસંહાર

- વિજયશીલચન્દ્રસૂરિ

મધ્યકાળના જૈન શાસનનાં કેટલાંક મંગલમય નામો છે : મહાકવિ ધનપાલ, રાજા કુમારપાલ, મંત્રીશ્વર વસ્તુપાલ-તેજપાલ, જગડૂશાહ, પેથડશાહ, સંગ્રામ સોની : આ બધાં નામો લઈએ તો આપણી સવાર સુધરી જાય. ઘણીવાર એમ થાય કે આપણે 'ભરહેસર' સજ્ઝાય બોલીએ છીએ ને એમાં એક સો સંત-સતીઓનાં નામ લઈએ છીએ, એમ આ બધાં નામો, હું હમણાં બોલ્યો એવાં નામોની પણ સજ્ઝાય બનાવવી જોઈએ; એવાં પવિત્ર નામ !

આપણે વસ્તુપાલ-તેજપાલની વાત કરવાની છે. એ બે ભાઈઓનાં પત્ની લલિતાદેવી અને અનુપમાદેવી : કેટલાં પવિત્ર નામ ! આ બધાંનાં દર્શન કરવાં હોય તો માઉન્ટ આબૂ પર દેલવાડાનાં લૂણવસહી - દેરાસરમાં પાછળના ભાગે હસ્તીશાળા છે, એમાં ઘણા હાથીઓની મૂર્તિઓ છે. એ હાથીઓની પછીતે

દીવાલ ઉપર વસ્તુપાલ અને તેનાં બે પત્ની, તેજપાલ અને તેનાં પત્ની, તેમના પિતા, દાદા, વડદાદા, પુત્ર, પૌત્ર એ બધાંની આદમકદની આરસપહાણની મૂર્તિઓ તમને જોવા મળશે : સાત પેઢીઓની મૂર્તિઓ.

વસ્તુપાલે એ લૂણવસહીનું મંદિર બંધાવ્યું. સંઘ કાઢ્યા તેર-તેર ! એક એક સંઘમાં ૫૦૦-૫૦૦ આચાર્યો. એકલા શ્વેતાંબરના જ નહિ, દિગંબરના પણ આચાર્યો. સંઘમાં કેટલા બધા તો રથ ! હાથીદાંતના, ચંદનના, સોનાના, ચાંદીના, ધાતુના, લાકડાના - અનેક પ્રકારના રથ. બધા જ રથમાં પ્રભુજી હોય. અહીં તો આપણે એક રથમાં પણ ફીણ પડી જાય ! ટ્રક-ટ્રેક્ટરમાં મૂકી દઈએ ! એ પણ પાછો જર્મન સિલ્વરનો બનાવવો કે સિલ્વરનો એવા કેટલાયે પ્રશ્નો હોય.

અનેક ઠેકાણે સદાવ્રતો ચાલે. સદાવ્રત એટલે કોઈપણ જ્ઞાત-જાત-ધર્મ-કોમનો કોઈ પણ માણસ ત્યાં જમી શકે, કાયમ. દાનશાળાઓ ચાલે. કેટલાંય જિનાલયોનું નિર્માણ. કેટલાંય જિનાલયો અને તીર્થોના જીર્ણોદ્ધાર, વહીવટ અને દેખભાળ. અંબા માતાનું મંદિર ધોળકામાં બનાવ્યું. સૂર્યનું મંદિર ખંભાત પાસે નગરામાં બનાવ્યું. આ તો અત્યારે છે તેથી તેની વાત કરી. નાશ પામ્યાં હોય તેવાં તો અનેક મંદિરો તેમનાં બનાવેલાં. ૮૪ તો મસ્જિદો બનાવી.

બાવન વખત યુદ્ધ કર્યાં છે એમણે. દરેક યુદ્ધમાં પોતે ઘોડે ચડી તલવાર લઈને જાતે લડ્યા છે. પોતે વાણિયા છે, રજપૂત નહિ, પણ યુદ્ધમાં વાણિયા છતાં સેનાપતિ બને. એ શ્રીમાળી નહિ, ઓસવાળ પણ નહિ, પ્રાગ્વાટ-પોરવાડ વાણિયા હતા. મહુડી પાસે વીજાપુર છે એ તેમનું મૂળ વતન. માંડલ એમનું મોસાળ.

એમની માતાના પતિ નાની ઉંમરમાં અવસાન પામ્યા છે. માતા વિધવા થયાં છે. ધર્મમાં ઊતરી ગયાં છે. ગુરુભગવંત પધાર્યા તેમને વંદન કરવા આવ્યાં છે. તેમનું લલાટ જોતાં જ ગુરુના મોઢામાંથી નીકળી ગયું કે આ બાઈનાં સંતાનો બહુ તેજસ્વી થશે.

ગુરુના મોંમાંથી વાત નીકળી તો ગઈ, પણ તરત લોકોએ કીધું કે મહારાજ ! આ તો વિધવા બાઈ છે, એને સંતાન ક્યાંથી થાય ? ત્યારે મહારાજે કહ્યું કે ભાઈ, જેવી ભવિતવ્યતા હશે તેવું વચન મારા મોંમાંથી નીકળી ગયું છે. હવે જેવું ભાવી હશે તેમ થશે. તે પ્રસંગે અશ્વરાજ-આસરાજ નામનો એક યુવાન શ્રાવક ત્યાં હાજર, અને તેણે આ બધી વાત સાંભળી લીધી. તેણે યેન કેન પ્રકારેણ તે બાઈને સહમત કરી, અને પોતે તેની સાથે લગ્ન કરી લીધાં. કદાચ આ પહેલો વિધવા-વિવાહ હશે. એ બેઉનાં પુત્રો તે વસ્તુપાલ અને તેજપાલ.

એમના જીવનના એક એક પ્રસંગ જાણવા જેવા છે. એક પ્રસંગ કહું. ડાકોર અને ઉમરેઠ પાસે થામણા નામે ગામ છે. થામણાનું મૂળ નામ સ્તંભનકપુર. સેઢી નદીના કિનારે. સ્તંભન પાર્શ્વનાથની પ્રતિમા, જે હાલ ખંભાતમાં છે તે, મૂળે ત્યાં હતી. અભયદેવસૂરિ મહારાજે તે પ્રતિમા ત્યાં જ પ્રગટ કરેલી અને ત્યાં પ્રતિષ્ઠિત કરેલી. અત્યંત મહાન તીર્થ. વર્ષે દહાડે લાખો-કરોડોનો વહીવટ ચાલે.

એના વહીવટકર્તા એક આચાર્ય મહારાજ હતા - મલ્લવાદીસૂરિ. ચૈત્યવાસી સાધુ. પરમ વિદ્વાન. પરમ ગીતાર્થ. એમની નીમણૂક સંઘે કરેલી, પરંપરાથી. એથી એ આખા તીર્થનું સંચાલન તેઓ કરે.

તે વખતે ટ્રસ્ટનો કાયદો નહોતો. ટ્રસ્ટીઓ નહોતા. આવા ગુરુભગવંતો જ સંચાલન કરતાં. કેમ કે એમને પોતાને પૈસાની

· જરૂર નહોતી. પરણવાનું નહોતું. કુટુંબ-કબીલા નહોતા. એટલે તેઓ નિર્મળ અને નિઃસ્પૃહભાવે સંચાલન કરાવી શકતા. પણ જ્ઞાનમય જીવન !

એમના મનમાં એક અભિલાષા કે વસ્તુપાલ એક મહાપુરુષ છે. ક્યારેક અહીં આવે તો કેવું સારું ! આવે તો મળવાનું થાય. હવે એમનાથી તીર્થ છોડીને બહાર જવાય નહિ, એ એમની મર્યાદા છે. એટલે મંત્રી અહીં આવે તો જ મળાય.

એકવાર વસ્તુપાલ પોતાના રાજ્યની ખત-ખબર કાઢવા નીકળ્યા છે. ક્યાં શું ચાલે, કેવું ચાલે તેનો અંદાજ લેવા એ નીકળ્યા છે. એ યાત્રા દરમ્યાન તે થામણા પણ આવ્યા. હવે એ વખતે અઠ્ઠાઈ ઓચ્છવ મંડાયેલો છે ત્યાં. મંત્રીને થયું કે ચાલો, અહીંના મઠાધીશ આચાર્યને પણ વંદન કરવા જઈએ. ગયા. ત્યાં વ્યાખ્યાન ચાલતું હતું. આચાર્ય પાટ ઉપર બેઠા છે. સામે દરવાજો છે. વસ્તુપાલ અંદર દાખલ થયા તે જ વખતે આચાર્યના મોઢામાંથી એક શ્લોક નીકળ્યો કે

"अस्मिन् असारे संसारे सारं सारङ्गलोचना"

- આ સમગ્ર સંસારમાં જો કોઈ સાર હોય તો મૃગનયની સ્ત્રી એ જ સાર છે.

દરવાજામાં પ્રવેશી રહેલા મંત્રીએ આ અર્ધો શ્લોક સાંભળ્યો, ને એ ત્યાંથી જ પાછા વળી ગયા કે આ સાધુ છે કે કોણ છે ? સાધુ થઈને 'સારંગલોચના'નાં વર્ણન કરે છે ? શરમ નથી આવતી ? પાછા વળ્યા.

આચાર્યે જોઈ લીધું કે અવળી અસર પડી છે. મારું પુરૂં વાક્ય સાંભળ્યું નથી, અને અધૂરા વાક્યે પાછા ચાલ્યા ગયા છે મંત્રી. અર્થનો અનર્થ થયો છે. કાંઈ વાંધો નહિ. ભલે જતા.

જ્ઞાની પુરુષોને આવી ગેરસમજમાં પણ મજા આવતી હોય છે. ક્યારેક ગોટાળામાંય આનંદ હોય. એટલે મહારાજ મંત્રીને રોકતા કે પાછા બોલાવતા નથી, જવા દે છે.

પછી તો આ ગોટાળો રોજ ચાલ્યો. મંત્રી રોજ આવે. એ આવે એટલે આચાર્ય પેલો જ શ્લોક બોલે અને મમળાવે. વ્યાખ્યા કરે. મંત્રી પણ તરત પાછા જતા રહે, બેસે નહિ. સાત દિવસ સુધી આમ ચાલ્યું.

આઠમો દિવસ મહોત્સવનો છેલ્લો દિવસ હતો. તે દહાડે દેરાસરમાં ભાટ–ચારણ, બંદી, ગવૈયા, ભોજક બધાનું ટોળું વળ્યું હતું. ભગવાન સામે રાસ લેવાય, સ્તવનો ગવાય, પૂજા ભણાય, ગીતો ગવાય. અનેક આચાર્ય ભગવંતો, સાધુઓ, આખો સંઘ ત્યાં ભેગા થયા છે. વસ્તુપાલ પણ આવ્યા છે. આચાર્ય ભગવંતે તો ત્યાં જઈ બધાની વચ્ચે આસન જમાવી દીધું છે.

ખૂબ ગુણગાન ગવાયા ભગવાનના. વસ્તુપાલ પણ એટલા ખુશ થયા છે કે જે જે ઉત્તમ કાવ્યો રચીને સ્તવના કરે, ગુણગાન ગાય, એને હજારો ને લાખોનું દાન ત્યાં જ આપે છે. લાખોની ખૈરાત કરી છે ત્યાં. મહારાજ સાહેબે સેવકોને કહી દીધું છે કે દેરાસરને બેય તરફ દરવાજા છે. બન્ને બાજુ તમે લોકો ઊભા રહેજો, મંત્રી કયા દરવાજેથી બહાર નીકળે છે તેની મને તરત જાણ કરજો.

સમય થતાં જ વસ્તુપાલ બહાર આવ્યા. સેવકે ઈશારો કર્યો કે સાહેબ ! મંત્રીશ્વર અમુક દ્વાર તરફ નીકળી રહ્યા છે. આચાર્ય તરત જ ભીડને ચીરીને પાછળથી બહાર આવીને પેલા દરવાજાની વચ્ચોવચ ઊભા રહી ગયા. મંત્રી આવ્યા. બહાર નીકળવું છે પણ કેવી રીતે નીકળી શકે ? સામે ઊભેલા મહારાજને ટાળીને જ નીકળવું પડે. એ ટાળે કેવી રીતે ?

વસ્તુપાલે પણ ટાળ્યા નહિ. એ ટાળી ન શકે. એ ઊભા રહી ગયા. હાથ જોડ્યા, ને વિવેકથી કહ્યું, બોલો સાહેબ ! શું આદેશ છે ? ત્યારે આચાર્યે એક શ્લોક કહ્યો. એ શ્લોકની ત્રણ લીટી તેઓ બોલીને અટકી ગયા, ચોથી લીટી ન બોલ્યા. શ્લોક સાંભળો :

ग्रावाणो मणयो हरिर्जलचरा लक्ष्मीः पयोमानुषी
मुक्तौघाः सिकताः प्रवाललतिकाः शेवालमम्भः सुधा
तीरे कल्पमहीरुहः किमपरं नाम्नापि रत्नाकरः

શ્લોક આવે એટલે મંત્રી અર્ધા અર્ધા થઈ જાય ! કાવ્યો અને કવિઓના એ પ્રબળ આશક ! નવો શ્લોક સાંભળતાં જ સ્થળ-કાળ ભૂલીને તન્મય થઈ ગયા. પૂછ્યું, સાહેબ ! આનો અર્થ તો કરો ! આચાર્યે કહ્યું કે આના અર્થમાં તો તમારે એક વાર્તા સાંભળવી પડે, ને તમને મોડું થતું હશે ને ! તમે જાવ. વાર્તામાં મોડું થઈ જશે, તમારો સમય બગડશે.

વસ્તુપાલ કવિ હતા. એમને રસ પડી ગયો. કવિને સાહિત્યની વાત આવે એટલે રસ પડે. જેમ તમને ચડાવાની વાત આવે ને રસ પડે તેમ. મંત્રીએ કહ્યું, ભલે મોડું થતું. વાત કરો. અને મહારાજે વાત માંડી :

વેરાવળ બંદર એ સૌરાષ્ટ્રના સાગરકાંઠાનું એક મોટું બંદર છે. ત્યાંનો એક માણસ ફરતો ફરતો એકવાસ જેસલમેર ગયો. જેસલમેર એટલે થળીનો પ્રદેશ, રણ-પ્રદેશ. ત્યાં એક ગામડું હતું. ગામના ગોંદરે ચોતરો, અને ચોતરે થોડાક ગ્રામ્ય જનો બેઠેલા. સવારનો પહોર હતો. ઠંડીની મોસમ હતી. સગડી સળગાવીને તાપતાં તાપતાં ટાઢ ઉડાડતા હતા, ત્યાં આ વટેમાર્ગુ ત્યાં પહોંચ્યો. પૂછ્યું, ક્યાંથી આવ્યા ? કહે, દરિયાકિનારેથી. પેલા કહે કે દરિયો એટલે શું ? એમાં શું હોય ? રણપ્રદેશના

જીવોને દરિયાની કલ્પના પણ ક્યાંથી હોય ? કોઈ દિવસ તે વિષે સાંભળેલું પણ નહિ. એટલે પૂછ્યું કે દરિયો એટલે શું ? પેલા મુસાફરે દરિયાનું વર્ણન કરવા માંડ્યું એમની સામે કે દરિયામાં અફાટ પાણી હોય, એટલું બધું પાણી કે એને ઓળંગવું હોય તો મોટાં વહાણોમાં બેસીને જ સામે પાર જઈ શકાય. એમાં મોતી પાકે. એમાં રત્નો હોય. એમાં માછલાં હોય. આપણા વિષ્ણુ ભગવાન એમાં જ વસે છે. દરિયાની દીકરી લક્ષ્મી - તે પણ એમાં જ રહે - ભગવાનની સાથે. પેલી જળપરી - એ પણ એમાં હોય. પ્રવાલ - પરવાળાના છોડ એમાં હોય. એમાં સેવાળ પણ ઊગે. અને દરિયાનું તો નામ જ રત્નાકર ! રત્નોનો ખજાનો ! અમે આવા દરિયાના કિનારે રહીએ છીએ, ભાઈ !

પેલા લોકોને થયું કે આવો દરિયો તો આપણે જોવો જ પડે. આ મરૂધરની ધરતીમાં તો જળ વગર કંટાળી ગયા છીએ. ક્યારેક દરિયા પાસે જઈશું.

હવે પેલો વટેમાર્ગુ તો પછી જતો રહ્યો. પણ એક માણસના મનમાં થયું કે લાવ, એકવાર વેરાવળ જઈ આવું. એ નીકળ્યો ત્યાંથી. મુસાફરી કરતો કરતો આવ્યો વેરાવળ. સીધો દરિયાકિનારે જ પહોંચ્યો. દરિયાને જોતાં જ એ તો ઠરી ગયો કે આ હાહા ! આટલું બધું પાણી ! જેને પાણીના એકેક છાંટાની ને એકેક ટીપાંની કિંમત હોય તે આમ અગાધ મહાસાગર જુએ તો એની કેવી હાલત થાય !

એણે વિચાર્યું કે આમાં મોતી ને રત્નો ને પરવાળાં ને બીજું બધું ઘણું છે તે તો પછીથી જોઈશું. પહેલાં તરસ તો છીપાવી લેવા દે. એટલે એણે પોતાની સાથે લાવેલા દોરી-લોટો કાઢ્યાં ને દરિયામાંથી પાણી ભર્યું. પાણી ગાળ્યું અને મોંમાં એક

કોગળો ભર્યો, એ સાથે જ થૂ થૂ કરતું બહાર ફેંકી દીધું, ને લોટો પણ ત્યાં જ ઢોળી નાખ્યો. એના મોંમાંથી નીકળી ગયું કે અલ્યા દરિયા ! "दूरे कर्णरसायनं निकटतस्तृष्णापि नो शाम्यति" તારાં આટલાં બધાં વર્ણન સાંભળીને તારી પાસે આવ્યો, પણ તું તો મારી તરસ પણ છીપાવતો નથી ! તો તારા સાંભળેલા વર્ણનમાં પણ શો માલ હશે ?

આટલી વાર્તા કહીને આચાર્યે વસ્તુપાલને કીધું કે બસ, મંત્રીશ્વર ! હવે તમારે મોડું થતું હશે, તમે જાવ ! અને પોતે વચ્ચેથી ખસી ગયા. પણ હવે મંત્રી સ્તબ્ધ છે. એ જવા તૈયાર નથી. એમણે મહારાજને પૂછ્યું કે મહારાજ ! આ વાર્તા દ્વારા તમે શું કહેવા માગો છો એ તો સમજાવો ! મને કશી સમજ નથી પડતી.

ત્યારે આચાર્યે કહ્યું : મંત્રીશ્વર ! તમારી ઘણી ઘણી કીર્તિ સાંભળી હતી કે મંત્રી આવા સાહિત્યકાર છે, આવા કવિ છે, આવા વિદ્વાન છે, આવા રાજપુરુષ છે, આવા નીતિમાન છે, મહાસમુદ્ર જેવા છે વગેરે. આપનાં દાન-પુણ્ય માટે પણ ઘણી વાતો જાણી છે. પણ હવે લાગે છે કે આ બધું પેલા દરિયાનાં ગુણગાન જેવું છે. તમે પાસે આવ્યા તો અમારાથી મોં મચોકડીને જાવ છો, ને અમારી તરસ પણ નથી છીપતી !

ત્યારે મંત્રીએ કીધું : મહારાજ ! તમે સાધુ છો ? ખરેખર ?

આચાર્યે પૂછ્યું : કેમ, મારો શો અપરાધ થયો ? મેં શું વિપરીત વર્તન કર્યું ?

તો મંત્રીએ કહ્યું કે તમે વ્યાખ્યાનમાં સ્ત્રીનું વર્ણન કરો છો, શૃંગારરસની વાત કરો છો. આ તમને શોભે છે ખરું ?

આચાર્યને આની જ અપેક્ષા હતી. તેમણે તરત જવાબ વાળ્યો કે પણ મંત્રીજી, એવું વર્ણન તો કરવું જ જોઈએ ને મેં કર્યું, એમાં ખોટું શું કર્યું, એ સમજાવશો ? તમે જ મને કહો કે આ જગતમાં સ્ત્રી એ સારભૂત છે કે નહિ ?

મંત્રીશ્વર કહે કે સાહેબ, હજી પણ એની એ જ વાત ? નથી સાંભળવી મારે એવી વાત.

એટલે આચાર્યે કહ્યું : મંત્રીશ્વર, મારી વાત સાંભળો. જો સ્ત્રી ન હોત તો મહાવીરસ્વામી ક્યાંથી પેદા થાત ? તીર્થંકરોની માતા કોણ હતી ? ત્રિશલાદેવી સ્ત્રી નહોતાં ? ને વામાદેવી ? એ માતાઓ ન હોત તો આ તીર્થંકર કેવી રીતે જન્મ્યા હોત, એ કહેશો ?

મંત્રીએ 'હા' પાડ્યા વિના છૂટકો ન હતો. બોલ્યા કે 'હા, એ વાત તો સાચી.'

એટલે આચાર્યે વાત આગળ વધારી. એમણે કહ્યું, એનાથી આગળની વાત કરું ? આ વસ્તુપાલ ને તેજપાલની માતા કોણ હતી ? સ્ત્રી હતી કે નહિ ? તો મંત્રીશ્વર, તમારા જેવા રત્નપુરુષો અને તીર્થંકર ગણધર જેવા શલાકાપુરુષો જેની કૂખે પેદા થયા હોય એ સ્ત્રી આ સંસારમાં સારભૂત ખરી કે નહિ ? તાકાત હોય તો ના પાડો ! તમે અડધો જ શ્લોક સાંભળીને પાછા વળી ગયા. જો તમે આખો શ્લોક સાંભળ્યો હોત તો આટલી ગેરસમજ ના થઈ હોત. સાંભળો એ આખો શ્લોક : આમ કહીને આચાર્યે તેમને આખો શ્લોક સંભળાવ્યો કે –

अस्मिन् असारे संसारे सारं सारङ्गलोचना ।
यत्कुक्षिप्रभवा एते वस्तुपाल ! भवादृशाः ॥

અને આ સાંભળતાં જ વસ્તુપાલે કાન પકડ્યા અને માફી માગી લીધી. વંદના કરીને વ્યાખ્યાન પણ સાંભળ્યું અને વિદાય લીધી.

તે વખતે એમને થયું કે આમને મારે કાંઈ ભેટ આપવી જોઈએ. પણ તે ક્ષણે પાસે કાંઈ જ હતું નહિ, એટલે નીકળી ગયા. પણ થોડુંક ગયા હશે ત્યાં સામેથી એક ભરેલું ગાડું આવ્યું. એમાં બોરીઓ ભરીને રોકડા રૂપિયા હતા, અને એ વસ્તુપાલના જ હતા ને તેમની પાસે જ આવી રહ્યા હતા. મંત્રીને જાણ થતાં જ હુકમ કર્યો કે આ આખું ગાડું લઈને તમે મલ્લવાદિસૂરિ પાસે જાવ અને એમને કહો કે વસ્તુપાલે આ ધન આપને લૂંછણામાં અર્પણ કર્યું છે.

ગાડું પહોંચ્યું સાહેબ પાસે. સેવકોએ નિવેદન કર્યું કે મંત્રીશ્વરે ભેટ મોકલ્યું છે. મહારાજે તત્ક્ષણ તે લેવાનો ઈન્કાર કર્યો ને કહ્યું, વસ્તુપાલ મંત્રી ભીંત ભૂલ્યા ભાઈ ! હું સાધુ છું. હું ચૈત્યવાસી કે મઠપતિ છું એનો અર્થ એ નથી કે હું પૈસાનો પૂજારી છું. મારે માત્ર વહીવટ કરવાનો છે. આવો પરિગ્રહ કરવાનો મારો ધર્મ નથી. પાછી લઈ જાવ આ ભેટ !

જોજો ! સાધુની ખુમારી જોજો !

ગાડું પાછું ગયું. ત્યાં મંત્રી કહે કે હવે હું રાખું નહિ. બે વચ્ચે રસાકસી ચાલી. પેલા કહે હું ન રાખું, તો મંત્રી કહે હું નહિ રાખું. ઘણી સમજાવટ થઈ, પણ કોઈ માને નહિ. છેવટે કોઈ તોડ તો કાઢવો જ પડે ! શું તોડ નીકળ્યો, ખબર છે ? મહારાજે વસ્તુપાલને પૂછાવ્યું કે તમે અહીંથી ક્યાં જવાના ? મંત્રીએ કીધું કે હું ભરૂચ જવાનો છું - ભૃગુકચ્છ. સ્તંભનક પાર્શ્વનાથની યાત્રા કરી, હવે ભૃગુકચ્છમાં મુનિસુવ્રતસ્વામીની યાત્રા કરીશ. તે જાણીને આચાર્યે કહ્યું કે ભરૂચમાં

મુનિસુવ્રતપ્રભુની સ્નાત્ર માટેની જે પ્રતિમા છે તે વેળુની પ્રતિમા છે. ત્યાંના શ્રાવકોની વર્ષોની ફરિયાદ છે કે આ વેળુની પ્રતિમાને સ્નાત્ર કરીએ છીએ તો તેમાંથી કણો ખરતાં જાય છે. પ્રતિમા ઘસાતી જાય છે. એટલે અમને કંઈક નવી વ્યવસ્થા મળે તો સારું. એટલે તમે આ જે ધન મોકલ્યું છે તેમાંથી એક પિત્તલમય પ્રતિમા બનાવીને ભૃગુકચ્છમાં સ્થાપના કરજો, ત્યાંના શ્રાવકોને આપજો.

તો આ હતા વસ્તુપાલ. આવા હતા ત્યારના આચાર્યો. અને એમનાથી ઊજળું અમારું શાસન. આ શાસનની રક્ષા માટે વખત આવ્યે યુદ્ધ પણ એ મંત્રી કરે. ધર્મ, અને દેશની રક્ષા કાજે કાંઈ પણ કરતા એ મહાપુરુષો.

એક વખત એવો આવેલો કે દિલ્હીનો સુલતાન લાખોના સૈન્ય સાથે ગુજરાત ઉપર ચઢી આવ્યો. વસ્તુપાલે જોયું કે ગુજરાત ફનાફાતિયા થઈ જશે. ગુજરાતને આ આક્રમણથી કેવી રીતે બચાવવું એ એમની ચિંતા થઈ પડી.

સૈન્ય આબૂના રસ્તે આવવાનું હતું. ત્યાં અરવલ્લીની પહાડી આવે. પહાડીની એક તરફ ખીણ, ને વચ્ચે નાળ નીકળે. 'દેસૂરીની નાળ' એવી નાળો મારવાડમાં હોય છે. નાળ એટલે નેળિયું. અત્યંત સાંકડો રસ્તો. એ કેડી-રસ્તા પર એક સાથે એક જ ઘોડો કે એક જ માણસ પસાર થઈ શકે. એ ઘોડો આગળ જાય એટલે તે પાછળવાળાને દેખાય નહિ, ને આગળ ગયેલાને પાછળનું કશું દેખાય નહિ, એવા વળાંકો એમાં આવે. ચારે બાજુ પહાડી. એમણે એ પ્રદેશની ભીલ પ્રજાને સાધી. પોતાના સૈનિકો સાથે ભીલસેનાને ગોઠવી દીધી. ઘોડેસવાર સૈનિક એ નાળમાંથી પસાર થાય એટલે તેનું ડોકું કપાય, એ સાથે જ ભીલ લોકો તેના મડદાને ઊચકીને ખીણમાં ફેંકી દે ને ઘોડાને લઈ લે.

આ રીતે લડ્યા વગર લગભગ એક લાખ માણસોની - આક્રમણખોરોની કતલ થઈ !

'શિવાજી ન હોત તો સુન્નત હોત સબ કી' એ સાંભળ્યું છે ને ? એમ જો એ દિવસે વસ્તુપાલ ન હોત તો સુલતાનની સેના ગુજરાત પર ફરી વળી હોત અને તો અત્યારે ચાલીસ ટકા છે તેને બદલે આખું ગુજરાત મુસલમાન હોત ! મારા-તમારા-બધાના બાપ-દાદાને વટલાવવામાં આવ્યા હોત. ગુજરાતમાં અત્યારે જેટલા મુસ્લિમો છે તેમાં, બહારથી આયાત થયેલા લોકોને બાદ કરતાં, બધા જ મૂળે હિન્દુઓ હતા, જૈન હતા. પેઢીઓ પહેલાં બધાંને વટલાવવામાં આવ્યા હતા. અને આ હું નથી કહેતો. આપણી સુપ્રીમ કોર્ટના એક વખતના ન્યાયાધીશ હતા જસ્ટીસ એમ. સી. ચાગલા, મોહમ્મદ કરીમ ચાગલા. ભારતના એક વખતના કાયદામંત્રી. તેઓ મુસલમાન હતા, અને પોતાની આત્મકથા લખી છે. 'Roses in December-પાનખરનાં ગુલાબ - એ નામે. એની અંદર એમણે આ વિગત લખી છે કે ભારતની અંદર જેટલા મુસલમાનો છે તેમાં મોટા ભાગના મૂળતઃ હિન્દુ છે.

તો આ હતા વસ્તુપાલ ! હવે તમને એમ લાગશે કે આવા હિંસાખોર મંત્રી ? પણ યાદ રાખજો કે એ જ વસ્તુપાલનો જીવ આજે મહાવિદેહ ક્ષેત્રમાં છે, અને કેવલજ્ઞાન પામીને એ મોક્ષે જવાનો છે.

પાવાગઢનું નામ તો તમે જાણો જ છો. એ પાવાગઢ ઉપર આજે જે દિગંબર દેરાસરો છે તે બધાં વસ્તુપાલના બનાવેલાં છે, જૈન શ્વેતામ્બર સંઘનાં દેરાસરો છે. આજથી સવા સો વર્ષ પહેલાં છાણી ગામનો સંઘ એનો વહીવટ કરતો હતો. ચાંપાનેરનો સંઘ અશક્ત થયો. ઘરો બંધ થઈ ગયાં. પછી છાણીના શ્રાવકોએ વહીવટ લીધો. ત્યાંના શ્રાવક, ઘણા ભાગે

નાથા કાકા, ઉંમર થતાં વહીવટ સંભાળવાની અશક્તિ થઈ. તે વખતે તેઓ ગોધરા ગયા. ગોધરાના તે વખતના સંઘ પાસે વાત કરી કે પાવાગઢનાં દેરાસરનો વહીવટ તમે સંભાળી લો, તો ગોધરાના સંઘે તેનો સ્વીકાર ના કર્યો. પછી એ અમદાવાદ ગયા. ત્યાં તે વખતના આણંદજી કલ્યાણજી પેઢીના વહીવટદારોને વિનંતિ કરી કે તમે આ તીર્થ સંભાળી લ્યો. પેઢીએ 'અમે કેટલાં તીર્થ સાચવીએ ?' એમ કહીને વિનંતિ ઠુકરાવી દીધી. પરિણામ ? પરિણામે આ તીર્થને નાથાકાકાએ દુ:ખાતા હૈયે દિગંબર સંઘને સુપ્રત કર્યું કે ભલે દિગંબર, પણ જૈનો તો ખરા ! આ રીતે પાવાગઢનો વહીવટ દિગંબરોનો થયો. મૂળે એ દેરાસરો વસ્તુપાલ-તેજપાલનાં. તેમાંથી પુરાતન પ્રતિમાઓના લેખો, કંદોરાનાં ચિહ્નો વગેરે જેટલાં ઘસી શકાય તેટલાં ઘસવામાં આવ્યાં, અને એ પ્રતિમાઓની આડે પ્રાય: દિવાલ ચણી લેવામાં આવી છે, જેથી હવે આપણે દાવો ન કરીએ. બહાર પછી દિગંબરી પ્રતિમાઓ પધરાવાઈ છે. વડોદરાના પંડિત લાલચંદ ભગવાનદાસ ગાંધીએ 'તેજપાલનો વિજય' નામે ઐતિહાસિક પુસ્તક લખ્યું છે, તેમાં આ બધી વિગતો મળે છે.

ગોધરાની વાત પણ જાણવા જેવી છે. ત્યાંનો રાજા કે રાણો, નામે ઘૂઘૂલ. તેણે વસ્તુપાલ મંત્રીને અને રાણા વીરધવલને બંગડી અને કાળો સાડલો ભેટ મોકલેલો કે આ ચૂડી ને સાડલો પહેરી આંખે કાજળ આંજજો. મને જીતવાનાં સપનાં જોતા નહિ. મતલબ કે હું મરદ છું, તમે બૈરાં જેવાં, મને શું કરી શકો તમે ?

વીરધવલને લાગી આવ્યું. દરબારમાં બીડું ફેરવ્યું કે કોઈ રાજા, રાજપૂત, ક્ષત્રિય છે જે ઘૂઘૂલને હરાવી આવે ? કોઈએ

બીડું ના લીધું. છેવટે વણિક સેનાપતિ તેજપાલે બીડું ઝડપ્યું. બધાને ખ્યાલ હતો કે ઘૂઘૂલ સામે લડવું એટલે મોતને નોતરવું. તેજપાલે સેના સાથે ગોધરા પર ચડાઈ કરી. ઘૂઘૂલને હરાવ્યો. કેદ કર્યો. લાકડાની હેડમાં પૂરી ધોળકા રાજસભામાં લાવ્યા. હેડમાં જ એની જ મોકલેલી ચૂડીઓ અને સાડી તેને બળજબરીથી પહેરાવી. એથી લાજી મરેલા તેણે તે પળે પોતાની જીભ કચડીને ત્યાં જ આપઘાત કરેલો.

એ પછી, એ વિજયની સ્મૃતિમાં, ગોધરામાં અત્યારે જ્યાં ગામનું તળાવ છે ત્યાં, બાવન જિનાલય બંધાવ્યું. આજે તો ત્યાં તળાવ છે, ને તેની પાળે લાલ મસ્જિદ છે. મૂળે તે દેરાસર. મુસ્લિમ આક્રમણના સમયે તેનો ધ્વંસ થયો, અને ત્યાં તળાવ-મસ્જિદ બન્યાં. આજે પણ ત્યાંથી દેરાસરના પ્રાચીન અવશેષો નીકળ્યા કરે છે.

આ તેજપાલ ! આ વસ્તુપાલ ! એમની અને એમના ગુરુઓની વાતો - ઐતિહાસિક જાણકારી તમને આજે આપી. આ જાણકારીથી તમારા બધાના મનમાં એ મહાપુરુષો પ્રત્યે સદ્ભાવ પ્રેરાય એ જ એકમાત્ર ભાવના છે.

થોડાંક વર્ષો પહેલાં Steven Heim નામનો અમેરિકાની શિકાગોની યુનિવર્સિટીનો એક વિદ્યાર્થી ત્યાંથી ભારત આવ્યો અને અમદાવાદમાં ત્રણ વર્ષ રહ્યો. M.Phil. નો Student હતો. મેં પૂછ્યું, દોસ્ત ! અહીં કેમ ? તો મને કહે કે અમારી યુનિવર્સિટીએ અમને આફ્રિકન અથવા એશિયન દેશો પૈકી કોઈ પણ દેશની એકાદ કલ્ચરલ થીમ ઉપર અભ્યાસ - Desertation કરવાનું સોંપ્યું છે. એ માટે અહીં આવ્યો છું. મેં પૂછ્યું કે તમે અહીં કયા વિષય પર કામ કરો ? એણે કહ્યું કે વસ્તુપાલ મંત્રી ઉપર હું ડેઝર્ટેશન કરી રહ્યો છું.

એ અમેરિકન જવાન. ત્રણ વર્ષમાં અહીં જૂની ગુજરાતી શીખ્યો, હિન્દી શીખ્યો, પ્રાકૃત અને સંસ્કૃત શીખ્યો. હિન્દીમાં ભાષણ આપતો થયો. અમે વડોદરા-કારેલીબાગમાં ચોમાસું હતા ત્યારે ભાદરવા શુદ એકમે આવીને સ્વપ્ન ઝૂલાવવાની ક્રિયામાં પણ ભાગ લીધો. વસ્તુપાલ સાથે સંકળાયેલી હાથપોથીઓ, ગ્રંથો બધાનું વાંચન-અધ્યયન કર્યું. તમામ સ્થળો અને મંદિરો વગેરેનો પણ પ્રત્યક્ષ પરિચય કર્યો. અને પોતાનો અભ્યાસ ઇંગ્લિશમાં લખીને એ ગયો.

કહેવાનું એ છે કે આપણને વસ્તુપાલ વિષે કેટલી જાણકારી ? કેટલો રસ ? આમ તો એ જેમ વસ્તુપાલ છે એમ આપણે પણ વસ્તુપાલ જ છીએ. આપણે જરા જુદા અર્થમાં વસ્તુપાલ - વસ્તુઓને પાળે-પંપાળે-સાચવે તેવા વસ્તુપાલ ! તો આપણેય વસ્તુપાલ અને તેના સદ્ગુરુઓ વિષે જાણીએ અને તેમની અનુમોદના કરીએ. અહોભાવ કેળવીએ.

એમનું મૃત્યુ અંકેવાળિયા ગામમાં થયું હતું. લીંબડી પાસેનું આ ગામ છે. ત્યાં દેરાસરની બરાબર સામે વસ્તુપાલે બંધાવેલું તળાવ આજે પણ છે. ક્યારેક જજો. એમનો સ્વર્ગવાસ ત્યાં થયો, અને અગ્નિસંસ્કાર શત્રુંજય પર્વત ઉપર કરવામાં આવ્યો હતો. ઇતિહાસનું આ એકમાત્ર ઉદાહરણ છે. તેમની અંતિમ ભાવના પ્રમાણે તેમનો અગ્નિસંસ્કાર સકલ શ્રીસંઘે ગિરિરાજ ઉપર કર્યો. તે કાળે આટલાં બધાં દેરાસરો ત્યાં નહોતાં. ખુલ્લી જમીનો ઘણી હતી. ત્યાં રાયણ પગલાંની નજીકની ભૂમિમાં એમને અગ્નિદાહ દેવાયો. એ જગ્યા પર પછી તેજપાલ મંત્રીએ 'સ્વર્ગારોહણ પ્રાસાદ' નામે દેરાસર પણ કરાવ્યું. જે હાલ પણ વિદ્યમાન છે.

## શાસનસમ્રાટ ભવન ગ્રંથમાળાનાં પ્રકાશનો

- ગુરુગુણગાનમય પ્રવચનમાળા : સંપુટ ૧
  - ૧. શ્રીહરિભદ્રસૂરીશ્વરજીની સાહિત્ય-પ્રસાદી
  - ૨. શ્રીહેમચન્દ્રાચાર્યની સાહિત્ય-પ્રસાદી
  - ૩. સોમસુંદરયુગની સાહિત્ય-પ્રસાદી
  - ૪. હીરયુગની સાહિત્ય-પ્રસાદી
  - ૫. ઉપાધ્યાયજીની સાહિત્ય-પ્રસાદી
  - ૬. શાસનસમ્રાટ અને તેમના શિષ્યોની સાહિત્ય-પ્રસાદી
- આદર્શ ગચ્છ આદર્શ ગચ્છનાયક
- જયવંતું જિનશાસન
- शासनसम्राट् भवन की पुनित यादें
- ગુરુગુણગાનમય પ્રવચનમાળા : સંપુટ ૨
  - ૧. સિદ્ધસેન દિવાકરસૂરિ જીવન અને સાહિત્ય સર્જન
  - ૨. વૈરાગ્યરસના ઉદ્‌ગાતા શ્રીસિદ્ધર્ષિ ગણિ
  - ૩. જીવદયા જ્યોતિર્ધર શ્રીહેમચન્દ્રાચાર્ય
  - ૪. વસ્તુપાલના ઘડવૈયા ગુરુભગવંતો
  - ૫. સંવેગમાર્ગના પુનઃ પ્રવર્તક ત્રણ પંજાબી મહાપુરુષો

KIRIT GRAPHICS
09898490091